RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 23-07-2026 I VOL : 12 I Issue : 128 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

મહેનતનું ફળ મોડું મળે, પણ શ્રેષ્ઠ મળે. હિંમતવાન લોકો જ ઇતિહાસ રચે છે.

3  કોંગ્રેસની અરાજકતા સામે ગુજરાત ભાજપનો ઉગ્ર આક્રોશ: પ્રદેશ કોંગ્રેસ...

4  ચક્રવ્યૂહમાં મોદી: સાત કોઠામાં સરકાર બરાબર ઘેરાઈ...

6  અરિજીત સિંહે ખરેખર લઈ લીધો યુટર્ન? મેનેજરે કર્યો મોટો ખુલાસો!

7  મને રોહિત શર્માની વાત પર ભરોસો ન હતો: સંજુ

## એક નજર...

### ગોલ્ડન સાડીમાં ગોર્જિયસ લાગી રાશા થડાની, ફિદા થયા ફેન્સ



રાશાની ઈન્સ્ટાગ્રામ પ્રૉફાઈલ પર નજર નાંખશો તો ખબર પડશે કે તે કેટલી સુંદર છે, રાશાની તસવીરો રવીના ટંડનનો જુનો અંદાજ યાદ અપાવી રહી છે.ઈન્સ્ટાગ્રામ પર તેના 3 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. રાશા બ્યૂટી વિથ ધ બ્રેઈનનુ પરફેક્ટ એક્ઝામ્પલ છે. હાલમાં રાશા થડાનીએ કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં રાશા ગોલ્ડન સાડીમાં જોવા મળી રહી છે.

### કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ પાઠવી

# જંતર-મંતર લાઠીચાર્જ કેસ મામલે દિલ્હી હાઈકોર્ટ લાલઘૂમ

## ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ સુરક્ષિત રાખવા આદેશ આપ્યો

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ પર થયેલા લાઠીચાર્જ અને કાર્યવાહીના મામલે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે CCTV, બોડી કેમ ફૂટેજ અને તમામ રેકોર્ડ સુરક્ષિત રાખવા નિર્દેશ આપ્યા છે. કોર્ટે 4 અઠવાડિયામાં જવાબ માંગ્યો છે, જેના પર બાદમાં અરજીકર્તા પોતાનો પક્ષ રજૂ કરશે. પોલીસની કાર્યવાહી ગેરબંધારણીય હોવાનો દાવો અરજીકર્તાઓના વકીલોએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, સોનમ વાંગચુક અને અન્ય પ્રદર્શનકારીઓને જંતર-મંતર પરથી બળજબરીથી હટાવવા તથા લાઠીચાર્જ કરવો ગેરબંધારણીય હતો. વકીલ એન હરિહરને જણાવ્યું હતું કે, 'જ્યારે વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ પ્રદર્શન શરૂ કર્યું, ત્યારે તે તેમના બંધારણીય અધિકારોનો ભાગ હતું. પરંતુ બાદમાં પ્રદર્શનકારીઓ પર અતિશય બળપ્રયોગ અને બર્બરતા કરવામાં આવી હતી, જે અત્યંત ચિંતાજનક છે.' કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા ASG રાજુએ અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે, 'આ અરજીઓ માત્ર પબ્લિસિટી અને લાઈમલાઈટ મેળવવા માટે કરવામાં આવી છે.

## આખરે સોનમ વાંગચુકે ભૂખ હડતાળ સમાપ્ત કરવાની તૈયારી દર્શાવી, કેન્દ્ર સરકારને લખ્યો પત્ર

વિદ્યાર્થી આંદોલન અને તેના અનુસંધાનમાં સર્જાયેલા વિવાદ વચ્ચે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે વિદ્યાર્થીઓની વિવિધ માંગણીઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક સંવેદનશીલ નિર્ણય લેવા અપીલ કરી છે. સોનમ વાંગચુકે શિક્ષણમંત્રીની જવાબદારીના મુદ્દે સંસદમાં ચર્ચા કરવાની માંગ કરી છે. સાથે જ આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પીડિત પરિવારોને યોગ્ય વળતર આપવામાં આવે તેવી રજૂઆત પણ કરી છે. પત્રમાં વાંગચુકે દિલ્હીમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કોઈપણ પ્રકારની દંડાત્મક કાર્યવાહી ન કરવા, અને પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવાની માંગ પણ કરી છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓ સામે કોઈપણ પ્રકારના કાનૂની અથવા વહીવટી પગલાં ન ભરવા જોઈએ. સોનમ વાંગચુકે પોતાના પત્રમાં સરકારના વિશ્વાસનો પણ ઉલ્લેખ કર્યો છે.

# પોલીસકર્મીઓએ મારા કાનમાં કહ્યું સરકારને હટાવો: રાહુલ

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ દિલ્હીના ઈન્દિરા ભવનમાં વિદ્યાર્થીઓ વિરુદ્ધ લાઠીચાર્જ પર પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે સૌ પ્રથમ પોતાના પ્રેઝન્ટેશનમાં 20 જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીના સંસદ ચલો માર્ચમાં સામેલ વિદ્યાર્થીઓના વીડિયો ચલાવ્યા. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે સુરક્ષા દળોએ વિદ્યાર્થીઓને ખરાબ રીતે માર્યા. આવું શા માટે કરવામાં આવ્યું. નીટ પેપર લીકથી દેશના 7.5 કરોડ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો આ ઘટનાથી પ્રભાવિત થયા છે. નીટ મામલે કોઈને પણ સજા થઈ નથી. રાહુલે કહ્યું-



જ્યારે પોલીસકર્મીઓ મને હટાવવા આવ્યા ત્યારે તેમણે મારા કાનમાં કહ્યું કે સરકારને હટાવો. મને ખેંચ્યો તો મોઢામાંથી લોહી નીકળ્યું, પરંતુ ધર્મેન્દ્ર પ્રધાનને જવું પડશે.

# કાશ્મીરમાં આતંકી હુમલો, હેડ કોન્સ્ટેબલ શહીદ

અનંતનાગ

કાશ્મીરના અનંતનાગ જિલ્લાના લાલ ચોક વિસ્તારમાં બુધવારે આતંકીઓએ હુમલો કર્યો. આમાં હેડ કોન્સ્ટેબલ (35 વર્ષ) શહીદ થયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર બપોરે લગભગ 12:30 વાગ્યે આતંકીઓએ અમરનાથ યાત્રાની સુરક્ષા ડ્યુટી પર તૈનાત પોલીસકર્મીઓ પર અચાનક ફાયરિંગ કર્યું. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી, જે બાદ બંને તરફથી ગોળીઓ ચાલી. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશી ઈજાગ્રસ્ત થયા. તેમને તાત્કાલિક સરકારી મેડિકલ કોલેજ (GMC) હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. હુમલા પછી આતંકીઓ ભાગી ગયા. લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા આતંકી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)એ હુમલાની જવાબદારી લીધી છે. જે જગ્યાએ ફાયરિંગ થયું, તે શહેરનું મુખ્ય બજાર છે. અહીં સામાન્ય દિવસોમાં પણ ખૂબ ભીડ રહે છે. ઘટનાના તરત જ બાદ જમ્મુ-કાશ્મીર પોલીસ, સેના અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સમગ્ર લાલ ચોક અને આસપાસના વિસ્તારને ઘેરી લીધો. વધારાના સુરક્ષા દળોને ઘટનાસ્થળે મોકલ્યા અને આતંકવાદીઓની શોધમાં મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું વિસ્તારમાં આવવા-જવાના તમામ રસ્તાઓ પર નાકાબંધી કરીને વાહનો અને લોકોની સઘન તપાસ થઈ રહી છે.

## NEWS TRACK

### ટ્રમ્પના નવા નિર્ણયે ભારતના ધબકારાં વધાર્યા, જેનેરિક દવાઓ પર 100 નહીં 200% ટેરિફ!

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચિંતા વધારતો એક મોટો નિર્ણય લીધો છે. અમેરિકામાં આયાત કરવામાં આવતી જેનરિક દવાઓ પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકા ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે સૌથી મોટું માર્કેટ હોવાથી, ડોનાલ્ડ ટ્રમ્પના આ પગલાની સીધી અને ગંભીર અસર ભારતના ફાર્મા ઉદ્યોગ પર પડશે. ટેરિફ અંગે ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત અને સમયસીમા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જેનરિક દવાઓ પર લાદવામાં આવનારા ટેરિફ અંગે એક મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે 1 ઓગસ્ટ, 2026થી આગામી બે વર્ષ સુધી (ઓગસ્ટ 2028 સુધી) અમેરિકામાં આયાત થતી તમામ જેનરિક દવાઓ પર કોઈ ટેરિફ નહીં લાગે અને આયાત શુલ્ક શૂન્ય રહેશે. જોકે, ઓગસ્ટ 2028થી આ નિયમોમાં મોટો બદલાવ આવશે. 2028થી પ્રથમ વર્ષ માટે જેનરિક દવાઓ પર ટેરિફ વધારીને 100% કરવામાં આવશે અને ત્યારબાદ તેને 200% સુધી કરી દેવાશે.

### હોર્મુઝ બાદ નવો માર્ગ પણ ઠપ, ભારત-ચીન આવતા સાઉદીના ઓઇલ ટેન્કર્સનો યુ-ટર્ન, દુનિયા માટે ટેન્શન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા યુદ્ધની વચ્ચે જે વાતનો સૌથી મોટો ડર હતો તે જ આખરે સામે આવ્યું છે. સ્ટ્રેટ ઑફ હોર્મુઝ બાદ હવે બીજો વોર ફ્રન્ટ ખુલી ગયો છે. યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોની ખુલ્લી ધમકી બાદ ભારત અને ચીન તરફ આવી રહેલા બે ક્રૂડ ઓઈલના ટેન્કર્સને યુ-ટર્ન લેવાની ફરજ પડી છે. આ બંને ટેન્કર્સે રેડ સીમાં આવેલા સાઉદી અરેબિયાના યાનબૂ બંદરથી ભારત અને ચીન માટે ક્રૂડ ઓઈલ લોડ કર્યું હતું. તેમની યોજના મુજબનો માર્ગ બાબ-અલ-મંદેબ થઈને હિંદ મહાસાગરમાં પ્રવેશવાનો હતો. પરંતુ હુથી બળવાખોરો તરફથી મળેલી હુમલાની ધમકીઓને કારણે આ જહાજો હિંદ મહાસાગર તરફ જવાના બદલે ઊંધા ફરીને સ્વેઝ નહેર તરફ આગળ વધી ગયા છે. હવે આ ટેન્કર્સને ખૂબ જ લાંબો રસ્તો કાપીને પોતાની મુસાફરી પૂરી કરવી પડશે. ઉત્તરી અને પશ્ચિમી યમન પર નિયંત્રણ ધરાવતા હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાની નૌસૈનિક ઘેરાબંધીની જાહેરાત કરી છે. તેમણે શિપિંગ કંપનીઓને પત્ર લખીને સ્પષ્ટ ચેતવણી આપી.

# કરજણમાં 'ખાખી' અને 'ખાદી'ના કાળા કારોબારનો મહાધડાકો! ૯૯ ગામોમાં હપ્તા રાજનો અડ્ડો, મહિને કરોડોનું કાળું કમાઉ ધામ!

## પોલીસ સ્ટેશનથી 2 કિમી દૂર ધમધમે છે દેશી-વિદેશી દારૂ અને વરલી મટકાના અડ્ડા; જેલ રિટર્ન વહીવટદાર હનુભા અને LCB ના ASI ભૂપત રબારીના રાજમાં ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના ચિથરેચિથરા!

ડભોઇ / કરજણ / વડોદરા


ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર રહી ગઈ હોવાના અનેક કિસ્સાઓ તમે સાંભળ્યા હશે, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં જે રીતે કાયદાના શાસનના ધજગરા ઉડી રહ્યા છે, તે જોઈને રાજ્યનું આખું ગૃહ મંત્રાલય અને પોલીસ બેડો શરમમાં મુકાઈ જાય તેમ છે. કરજણ પોલીસ સ્ટેશનની બિલકુલ નાકની નીચે, માત્ર ૨ કિલોમીટરના અંતરે આવેલા કરમડી ગામથી લઈને આખા તાલુકાના ૯૯ જેટલા ગામડાઓમાં દેશી-વિદેશી દારૂની ભઠ્ઠીઓ અને વરલી મટકાના જુગારધામો બેફામ ધમધમી રહ્યા છે.

સત્તાના નશામાં અંધ થયેલી 'ખાદી' અને હપ્તાખોરીમાં આંધળી થયેલી 'ખાખી'ની સાઠગાંઠે કરજણ તાલુકાને ગુનાખોરીનું સડેલું હબ બનાવી દીધું છે!


ગામડે-ગામડે પથરાયેલું દારૂ અને જુગારનું કાળું જાળું: આંકડા સાથે સણસણતો પર્દાફાશ

### કરજણ તાલુકામાં કઈ જગ્યાએ, કોના સંરક્ષણ હેઠળ અને કયા આકાઓની છત્રછાયામાં આ કાળો કારોબાર ચાલે છે, તેનો વિગતવાર ચિટ્ઠો જુઓ:

કરમડી ગામ (પોલીસ સ્ટેશનથી ૨ કિમી): કરજણ પોલીસ સ્ટેશનથી જરાક જ દૂર આવેલા આ ગામમાં રાત-દિવસ દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી ધુમાડા નીકળે છે. પોલીસની ગાડીઓ ત્યાંથી સાયરનો વગાડતી પસાર થાય છે પણ આ ભઠ્ઠીઓ સુધી પહોંચવાની તેમની હિંમત ચાલતી નથી!



ભૂપત રબારી



હનુંભા કામડીયા

કુરાલી ગામ (નવી નગરી): પાણીની ટાંકી પાસે 'નગીન' નામનો શખ્સ ખુલ્લેઆમ વરલી મટકાનો આંકડાનો જુગાર રમાડીને યુવાનોની મહેનતની કમાણી લૂંટી રહ્યો છે.

સાપા ગામ: નવી વસાહત પાસે આ જ 'નગીન' દ્વારા જુગારનો બીજો અડ્ડો નિર્ભયપણે ચલાવવામાં આવી રહ્યો છે.

રાણાપુર અને ચીમકી ગામ: રાણાપુર ગામનો સરપંચ પાર્થ શાહ, જે ભાજપ યુવા મોરચાના હોદ્દાનું પીઠબળ ધરાવે છે, તેના દ્વારા ચીમકી ગામમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારીને વેચાણ કરાવવામાં આવતું હોવાના સનસનાટીભર્યા આક્ષેપો થઈ રહ્યા છે.

કંડારી ગામ: ટાવર પાસે પ્રદીપ વસાવા નામનો શખ્સ બેફામપણે ઈંગ્લિશ દારૂનું વેચાણ કરી રહ્યો છે.

બારીયાવાસ: અહીં પરેશ કાંતિલાલ નામનો રીઢો બૂટલેગર વિદેશી દારૂનો ખુલ્લો વેપાર ચલાવે છે.

### સસ્પેન્ડેડ વહીવટદારની પુનઃ એન્ટ્રી: "પોલીસનો વહીવટદાર જ પોતે મોટો બૂટલેગર!"

આ સમગ્ર કૌભાંડમાં સૌથી શરમજનક બાબત ખાખી વર્દીમાં છુપાયેલા કેટલાક કથિત 'વહીવટદારો'નો ખેલ છે:

૧. સસ્પેન્ડેડ હનુભા કામડીયાની દાદાગીરી: ભૂતકાળમાં વિદેશી દારૂના ગંભીર કેસમાં સંડોવાયેલા, જેલની હવા ખાઈ આવેલા અને સસ્પેન્ડ થઈ ચૂકેલા હનુભા કામડીયા નામના કર્મચારીને કરજણના એક વગદાર રાજકીય નેતાના ઈશારે ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં ગોઠવી દેવાયો છે! સૂત્રોના ચોંકાવનારા ખુલાસા મુજબ, હનુભા કરજણ સબ જેલ કે તાલુકામાં ગમે ત્યાંથી પકડાયેલો ઈંગ્લિશ દારૂ જપ્ત કરવાના બદલે બૂટલેગરોને જ વેચી મારીને લાખો રૂપિયાની કાળી કમાણી ઊભી કરે છે.

૨. LCB ASI ભૂપત રબારીનો દબદબો: ડભોઇ બીટમાં ફરજ બજાવતા એએસઆઈ ભૂપત રબારી, જે આખા જિલ્લાની LCB નો વહીવટ ચલાવતા હોવાના આક્ષેપો છે, તેમનો રોફ અને દબદબો જિલ્લા પોલીસ વડા (SP) કરતાં પણ વધુ હોવાની ચર્ચાઓ વડોદરા પોલીસ બેડામાં ચગી રહી છે.

૩. ૯૯ ગામો અને કરોડોનું કાળું ભરણ: કરજણ તાલુકાના ૯૯ ગામોમાંથી ગામદીઠ રૂ. ૧ થી ૧.૫ લાખનો હપ્તો ગણીએ તો પણ દર મહિને કરોડો રૂપિયાનું કાળું ભરણ એકઠું કરીને ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડાય છે! આ સિવાય વગદાર નેતાઓને વિદેશી દારૂની મોંઘીદાટ બોટલો નજરાણા તરીકે પહોંચાડવામાં આવે છે.

### ગૃહરાજ્યમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવા સામે ખુલ્લો પડકાર!

રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી અવારનવાર દારૂ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ'ના ભાષણો આપે છે. પરંતુ કરજણના આ દ્રશ્યો જોઈને લાગે છે કે ભ્રષ્ટ ખાખી અને રાજકીય કડાં પહેરેલા નેતાઓ સીધા ગૃહ મંત્રીના આદેશોને પગતળે કચડી રહ્યા છે. યુવાધન દારૂ અને જુગારના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે અને તંત્ર મલાઈ ખાવામાં મશગૂલ છે!

### 'પાક્કો ગુજરાત'ના 5 ઘાતક સવાલો – તંત્રમાં હિંમત હોય તો જવાબ આપે:

૧. જે કર્મચારી દારૂના કેસમાં જેલ જઈ આવ્યો હોય, તેને જ ફરીથી કરજણમાં કયા આકાના ઈશારે સેટ કરવામાં આવ્યો?

૨. પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમી દૂર ચાલતી દારૂની ભઠ્ઠીઓ જિલ્લા એસ.પી. કે LCB PI ને કેમ દેખાતી નથી? શું તેમના સુધી હપ્તાનો હિસ્સો પહોંચી જાય છે?

૩. જે પકડાયેલો દારૂ જ બૂટલેગરોને વેચી મારતો હોય તેવા હનુભા કામડીયા સામે ગુનો નોંધી તેને જેલમાં ક્યારે ધકેલાશે?

૪. શું ડભોઇ બીટના એએસઆઈ ભૂપત રબારી આખા જિલ્લાની LCB ચલાવે છે તે વાત સાચી છે?

૫. જો કરજણમાં દારૂ-જુગારના લીધે કોઈ પરિવાર બરબાદ થશે કે હત્યા જેવો ગુનો બનશે, તો તેની જવાબદારી કોની? SP, LCB PI કે સ્થાનિક ધારાસભ્યની?

સ્થાનિક જનતામાં આક્રોશનો જ્વાળામુખી ફાટ્યો છે.

'પાક્કો ગુજરાત' ચેતવણી આપે છે કે જો આ ભ્રષ્ટ હપ્તાખોરો અને બૂટલેગરો સામે તાત્કાલિક દરોડા પાડીને કાર્યવાહી નહીં કરાય, તો કરજણની જનતા રસ્તા પર ઉતરીને આ કાળી સાંકળને તોડી પાડશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપ. સોસાયટીના ત્રણ ડિફોલ્ટર સભાસદોની અપીલ ફગાવાઈ

જામનગર

જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના ત્રણ ડિફોલ્ટર સભાસદો દ્વારા દાખલ કરાયેલી અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલી જેલસજા તથા ચેકની રકમ મુજબના દંડના હુકમને યથાવત રાખ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, સોસાયટીના સભાસદો જયદીપગર પ્રભાતગર ગોસાઈ, જયેશ વિઠ્ઠલભાઈ સોરઠીયા અને અજયસિંહ ઉદયસિંહ જાડેજાએ સોસાયટીમાંથી લોન મેળવી હતી. લોનની ભરપાઈ માટે તેમણે સોસાયટીને ચેક આપ્યા હતા. જોકે, સોસાયટી દ્વારા ચેક બેંકમાં રજૂ કરતાં તે પરત ફર્યા હતા. ત્યારબાદ સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટિસો પાઠવવામાં આવી હતી, પરંતુ તેમ છતાં આરોપીઓએ ચેકની રકમની ચુકવણી ન કરતાં તેમની સામે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 હેઠળ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ ટ્રાયલ કોર્ટે ત્રણેય આરોપીઓને દોષિત ઠેરવી ચેકની રકમ મુજબ દંડ અને જેલસજાનો હુકમ કર્યો હતો. આ ચુકાદાને પડકારતી અપીલ આરોપીઓએ સેશન્સ કોર્ટમાં દાખલ કરી હતી.

# વલસાડમાં મેઘતાંડવથી રસ્તા જળમગ્ન: 326 માર્ગો વાહન વ્યવહાર માટે બંધ, જોખમી મુસાફરી ટાળવા તંત્રની અપીલ

વલસાડ

વલસાડ જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા જનજીવન પ્રભાવિત થયું હતું. સતત 3 દિવસથી વલસાડ સહિતના દક્ષિણ ગુજરાતના જિલ્લામાં અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે 22 જુલાઈએ 6 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધીમાં રાજ્યના 104 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડમાં 8.23 ઈંચ, ઉમરગામમાં 6.61 ઈંચ, પારડીમાં 6.54 ઈંચ વરસાદ ખાબક્યો છે. વાપી શહેરમાં પડેલા ભારે વરસાદને કારણે જગન પાર્કમાં અનેક રો-હાઉસમાં પાણી ભરાતા ભારે નુકસાન થયું હતું. એટલું જ નહીં, અતિભારે વરસાદને પગલે વલસાડ જિલ્લામાં 326 રસ્તા પણ વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે.

વલસાડ જિલ્લામાં મેઘરાજાએ તોફાની રમત રમતા જળબંબાકાર સાથે નદી નાળા છલકાયા છે. વલસાડના અનેક તાલુકામાં અતિભારે વરસાદને કારણે જનજીવન પર માઠી અસર પહોંચી છે. ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન (પંચાયત) હસ્તકના 313 અને સ્ટેટ હસ્તકના 13 મળી કુલ 326 માર્ગો બંધ કરાતા વાહન વ્યવહાર રીતસરનો ઠપ થઈ ગયો છે. વલસાડ, નાનાપોંઢા, પારડી, વાપી, ધરમપુર, ઉમરગામમાં જળબંબાકરની સ્થિતિને પગલે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. શહેરના જગનપાર્કના અનેક રો હાઉસમાં, જીઆઈસીસીના સૂર્યા સોસાયટી, ધર્મનંદન સોસાયટી, હરિયા હોસ્પિટલ રોડ, કસ્ટમ રોડ, સ્વામીનારાયણ ગુરુકુલ રોડ સહિતના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ચોમાસા પૂર્વે પાણીના નિકાલ અંગે કોઈ પૂર્વ આયોજનના અભાવ અને ગટર સાફ નહીં કરાતા સમસ્યા જટિલ બની હતી.

# સાવરકુંડલામાં ઉભરાયો 'વિકાસ': અનેક સોસાયટીઓમાં ગટરોના પાણી ફરી વળ્યા, પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખના ઘર પાસે જ નરી ગંદકી

અમદાવાદ

અમરેલીના મોટાભાગના તાલુકામાં સારો એવો વરસાદ ખાબક્યો છે. ચોમાસાની સિઝનમાં સાવરકુંડલામાં ભૂગર્ભ ગટર ઉભરાવાની સમસ્યાના કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેમાં જેસર રોડ પર આવેલી સોસાયટીઓમાં ગટરના ગંદા પાણી ઉભરાતા સ્થાનિકોમાં સ્વાસ્થ્ય સંબંધિત બીમારીનો ભય જોવા મળી રહ્યો છે.

સાવરકુંડલાના જેસર રોડ પરની મધુવન સોસાયટી, સરદાર પટેલ સોસાયટી, ગીતાંજલિ સોસાયટી સહિત આસપાસની સોસાયટી પાસે ગટરો ઉભરાવાની સમસ્યા ઘણા વર્ષો હોવાનું રહીશોએ જણાવ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે, 'પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખની સોસાયટીમાં જ ગટરોના પાણી ઉભરાય છે. રસ્તાઓ પર વહેતા ગંદા પાણીને કારણે લોકો પરેશાની ભોગવી રહ્યા છે. ઘરોમાં મોઢે રૂમાલ બાંધી રહેવું પડે છે અને ઘરે મહેમાનો આવે તો પણ શરમ અનુભવાય છે.'

સ્થાનિકોએ ગંભીર આક્ષેપ કર્યા છે કે, પાણીની લાઈનોમાં ગટરોના પાણી ભળતાં ચામડી સહિત સ્વાસ્થ્ય સંબંધિત બીમારીનો ડર સતાવી રહ્યો છે. તેમજ મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. આ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી સમસ્યા હોવા છતાં પાલિકા તંત્ર આંખ આડા કાન કરે છે.

# વલસાડના ધરમપુરમાં દુર્ઘટના ટળી: ધસમસતા પ્રવાહ વચ્ચે માન નદીના પુલ પરથી કાર તણાઈ

વલસાડ


વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આજે(22 જુલાઈ) વહેલી સવારે એક મોટી હોનારત ટળી હતી. ધરમપુરના બોપી અને નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોળાઆમ્બા ગામને જોડતી માન નદીના પુલ પર પાણીનો ભારે પ્રવાહ હોવા છતાં, કાર પસાર કરવા જતાં એક કાર નદીમાં તણાઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ, સુરતનો નિકુંજ મિસ્ત્રી નામનો યુવક પોતાના પરિવાર સાથે વિલ્સન હિલ ખાતે ફરવા આવ્યો હતો. ગઈકાલે પરિવારના અન્ય સભ્યો સુરત પરત ફરી ગયા હતા, જ્યારે નિકુંજ પોતાના એક મિત્રને ત્યાં રોકાયો હતો. આજે સવારે તે પોતાની કાર લઈને સુરત જવા નીકળ્યો હતો.

હનુમંતમાળ થઈને પસાર થઈ રહેલા નિકુંજ મિસ્ત્રી જ્યારે બોપી અને મોળાઆમ્બાને જોડતાં માન નદીના પુલ પર પહોંચ્યા, ત્યારે પુલ પરથી પાણીનો ધસમસતો પ્રવાહ વહી રહ્યો હતો. નદીમાં પાણીનું સ્તર વધુ હોવા છતાં તેમણે કાર આગળ વધારી હતી, પરંતુ તીવ્ર વહેણ આગળ કાર પરનો કાબૂ ગુમાવતાં કાર પાણીમાં તણાવા લાગી હતી. કાર તણાતાં જ નિકુંજ મિસ્ત્રીએ સૂઝબૂઝ અને હિમ્મત દાખવી હતી.

## જેતપુર-નવાગઢ પાલિકા 'રામ ભરોસે': 173 કાયમી જગ્યાઓ ખાલી

# કરાર આધારિત વહીવટમાં '60 પ્લસના પ્રોક્સી કર્મી' અને 'ટેબલ-ટ્રાન્સફર'નું મસમોટું કૌભાંડ..!



સુદ્દાવ(૨)

:- જેતપુર - નવાગઢ નગરપાલિકા :-

| વર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | 1 | 1 | 0 |
| ૨ | 3 | 2 | 1 |
| ૩ | 90 | 30 | 60 |
| ૪(ઓ.સ્ટા.) | 54 | 9 | 45 |
| ૪(સ. મ.) | 158 | 91 | 67 |
| કુલ | 306 | 133 | 173 |

હેડ ક્લાર્ક જેતપુર નવાગઢ નગરપાલિકા

ચીફ ઓફિસર જેતપુર નવાગઢ નગરપાલિકા

**વર્ગ-3 અને 4માં ભયંકર અછત: 90 માંથી 60 જગ્યાઓ ખાલી, સફાઈ કામદારોની 67 જગ્યાઓ પણ અનફિલ રહેતા પ્રજા બેહાલ**

- મંજૂર થયેલા 306 મહેકમ સામે પાલિકામાં 56% થી વધુ એટલે કે 173 કાયમી જગ્યાઓ લાંબા સમયથી ખાલીખમ!
- કાગળ પર નિમણૂક યુવાનોની, પણ કચેરીમાં કામ કરવા આવે છે 60 વર્ષથી વધુ વયના પૂર્વ કર્મચારીઓ! પગાર છોકરાઓના ખાતામાં જમા થાય છે
- જે પાયાની અને મુખ્ય શાખાઓમાં સ્ટાફની ખરી જરૂરિયાત છે ત્યાં નવી ભરતી જ કરવામાં આવતી નથી
- ટેબલ-ટ્રાન્સફર'નો ખેલ: કરાર આધારિત જે જગ્યા પર નિમણૂક આપી હોય ત્યાં જવાને બદલે અન્ય શાખાઓમાં ગોઠવાયા માનીતાઓ

જેતપુર

રાજકોટ જિલ્લાની 'એ' ગ્રેડ સમકક્ષ ગણાતી જેતપુર-નવાગઢ નગરપાલિકાનો વહીવટી ઢાંચો સંપૂર્ણપણે ખાડે ગયો હોવાનો અતિ સનસનીખેજ પર્દાફાશ થયો છે. એક તરફ પાલિકામાં કાયમી મહેકમમાં અડધાથી વધુ એટલે કે ૫૬ ટકા કાયમી ખુરશીઓ ખાલી પડી છે, ત્યારે બીજી તરફ આ ખાલી જગ્યાઓની સામે રખાયેલા કરાર આધારિત (કોન્ટ્રાક્ટ બેઝ) કર્મચારીઓના વહીવટમાં ભ્રષ્ટાચાર, બોગસ હાજરી અને લાગવગશાહીની તમામ હદો વટાવી દેવામાં આવી છે. પાલિકા કચેરી જાણે કોઈની 'ખાનગી પેઢી' હોય તેમ વહીવટી પોલમપોલ ચાલી રહી છે, જેના કારણે કરદાતા શહેરીજનો રઝળી રહ્યા છે.

જેતપુર-નવાગઢ નગરપાલિકાના સત્તાવાર મંજૂર થયેલા સેટઅપ રિપોર્ટના આંકડાઓ મુજબ પાલિકામાં વર્ગ-૧ થી ૪ સુધીની કુલ ૩૦૬ કાયમી જગ્યાઓ મંજૂર થયેલી છે. જેની સામે માત્ર ૧૩૩ જગ્યાઓ પર જ કાયમી સ્ટાફ છે, જ્યારે બાકીની ૧૭૩ જગ્યાઓ ખાલી પડી છે. પાલિકાની કરોડરજ્જુ ગણાતા વર્ગ-૩ ના સ્ટાફની (ક્લાર્ક, ઈન્સ્પેક્ટર, ટેકનિશિયનો) ૯૦ મંજૂર જગ્યાઓ સામે માત્ર ૩૦ જ કર્મચારીઓ છે અને ૬૦ જગ્યાઓ ખાલી છે. આ જ રીતે વર્ગ-૪ (પટાવાળા/હેલ્પર) ની ૫૪ માંથી ૪૫ અને સફાઈ કામદારોની ૧૫૮ માંથી ૬૭ જગ્યાઓ ખાલી છે. સૌથી ગંભીર બાબત એ છે કે, જે મુખ્ય અને પાયાની શાખાઓમાં ખરેખર સ્ટાફની તાતી જરૂરિયાત છે ત્યાં નવી ભરતી જ કરવામાં આવતી નથી!

કાયમી સ્ટાફ ન હોવાથી પાલિકાનો વહીવટ કરાર આધારિત કર્મચારીઓના ભરોસે ચલાવવામાં આવે છે. પરંતુ અહીં એક અતિ ચોંકાવનારું 'પ્રોક્સી કૌભાંડ' આચરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. સત્તાવાર સૂત્રો અને સ્થાનિકો પાસેથી મળતી ગંભીર વિગતો અનુસાર, પાલિકામાં રાજકીય વગથી કરાર આધારિત નિમણૂકો તો યુવાનો (છોકરાઓ) ના નામે લેવામાં આવી છે, પરંતુ આ યુવાનો નોકરી પર આવતા જ નથી! તેમના બદલામાં પાલિકામાં અગાઉ કામ કરી ચૂકેલા ૬૦ વર્ષથી વધુ વયના પૂર્વ કર્મચારીઓ કામગીરી કરવા આવી રહ્યા છે. સરકારી ચોપડે અને બેંક એકાઉન્ટમાં પગાર યુવાનોના નામે થાય છે, અને કચેરીમાં કાળી મજૂરી ૬૦ વર્ષથી ઉપરના નિવૃત્ત-વૃદ્ધ લોકો કરે છે. કેટલાક યુવાનો ખાનગી ધંધા-નોકરી કરીને પાલિકામાંથી બેઠા બેઠા પગાર ખાતા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

### » 'શાખા બદલી'નો ખેલ: જે જગ્યાની નિમણૂક ત્યાં કામ જ નથી કરતા!

પાલિકામાં માત્ર પ્રોક્સી હાજરી જ નહીં, પરંતુ શાખા બદલીનો એક મોટો ખેલ પણ બેરોકટોક ચાલી રહ્યો છે. કરાર આધારિત જે કર્મચારીઓની જે ચોક્કસ જગ્યા કે વિભાગમાં નિમણૂક કરવામાં આવી હોય છે, તેઓ પોતાની મૂળ જગ્યાએ જવાના બદલે રાજકીય પીઠબળ કે અધિકારીઓની છત્રછાયા હેઠળ સાવ અલગ જ શાખામાં સેટ થઈ ગયા છે! સફાઈ, ટેકનિકલ કે ફિલ્ડવર્ક માટે રખાયેલા માનીતા કરાર આધારિત કર્મચારીઓ આરામદાયક શાખાઓમાં ટેબલ પર ગોઠવાઈ ગયા છે. જેના કારણે જે-તે શાખાની પાયાની સેવાઓ ખોરવાઈ ગઈ છે. જેતપુર-નવાગઢ પાલિકામાં ચાલતી આ લાલિયાવાડી અને પ્રજાના ટેક્સના પૈસાના વેડફાટ સામે શહેરીજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. સામાન્ય દાખલા કે વેરાના કામ માટે આવતા નાગરિકોને ધક્કા ખાવા પડે છે. જાગૃત નાગરિકોની ઉગ્ર માંગ છે કે, રાજ્ય સરકારનો શહેરી વિકાસ વિભાગ અને રાજકોટ જિલ્લા કલેક્ટર તાત્કાલિક પાલિકાની તમામ શાખાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરે.

## ગૃહ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ચેક અર્પણ

# GSRTCના 114 દિવંગત કર્મીઓના પરિવારોને આર્થિક છત્રછાયા

અમદાવાદ/ગાંધીનગર




ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા એક અત્યંત સંવેદનશીલ અને સરાહનીય પહેલ હાથ ધરવામાં આવી છે. એસ.ટી. નિગમમાં પોતાની નિષ્ઠાપૂર્વકની સેવા દરમિયાન કાળધર્મ પામેલા અંદાજે ૧૧૪ જેટલા કર્મચારીઓના આશ્રિત વારસદારોને આર્થિક સહાય પૂરી પાડવા માટે વિશેષ ચેક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના ગૃહ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે દિવંગત કર્મચારીઓના પરિજનોને સહાયના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગૃહ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ દિવંગત સભ્યોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'એસ.ટી. નિગમના કર્મચારીઓ અહોરાત્ર જનતાની સેવામાં તૈનાત રહે છે. ચાલુ ફરજ દરમિયાન સ્વજન ગુમાવવાનું દુઃખ કોઈ રકમથી પૂરું કરી શકાતું નથી, પરંતુ સરકાર અને નિગમની એ નૈતિક ફરજ છે કે તેમના પરિવારોને આર્થિક રીતે ક્યારેય નિરાધાર ન થવા દેવાય.' મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, સમયસર મળેલી આર્થિક મદદ દિવંગત કર્મચારીઓના બાળકોના શિક્ષણ અને પરિવારના જીવનનિર્વાહ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સહાયનો વ્યાપ: એસ.ટી. નિગમના વિવિધ વિભાગોમાં ચાલુ ફરજ દરમિયાન અવસાન પામેલા અંદાજે ૧૧૪ જેટલા ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિકલ સ્ટાફ તેમજ વહીવટી કર્મચારીઓના વારસદારોને આવરી લેવાયા. ત્વરિત કાર્યવાહી: સરકારી અને નિગમની કાગળની પ્રક્રિયાઓ ઝડપથી ઉકેલીને વારસદારોને વહેલામાં વહેલી તકે સહાય રકમ મળે તેવું આયોજન કરવામાં આવ્યું.

પરિવારોમાં રાહતની લાગણી: લાંબા સમયથી રાહ જોઈ રહેલા પીડિત પરિવારોને આર્થિક સહાય મળતાં તેમણે રાજ્ય સરકાર અને વાહન વ્યવહાર વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બગવદર પોલીસે ગોસા ચેક પોસ્ટેથી

# ફિલ્મી પીછો બાદ રૂપિયા 1.80 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. અગાઠ




બગવદર પોલીસ દ્વારા વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા હાથ ધરાયેલી પેટ્રોલિંગ કામગીરી દરમિયાન ફિલ્મી અંદાજમાં પીછો કરીને એક કારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે રૂ. 4.85 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે દારૂ સપ્લાય કરનાર અન્ય આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. અધિક્ષક, પોરબંદરના ભગીરથસિંહ જાડેજાનાઓ તથા ગ્રામ્ય વિભાગ પોરબંદરના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુનાઓ દ્વારા પોરબંદર જીલ્લામાં દારૂની બદી સદંતર નેસ્તનાબુદ કરવા ખાસ સુચના આપેલ હોય, જે અન્વયે બગવદર પોલીસ સ્ટેશનના પી. એસ.આઈ. આર.એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન વીંઝરાણા પાટીયા નજીક રાણપર તરફથી પોરબંદર જતી એક શંકાસ્પદ હ્યુન્ડાઈ i20 કાર દેખાતા તેને રોકવાનો ઈશારો કરવામાં આવ્યો હતો.

## ભાજપ સરકાર અહંકારમાં અંધ!" - શક્તિસિંહ ગોહિલ

# "NEET ધાંધલીના કારણે 21 હોનહાર વિધાર્થીઓએ જીવ ગુમાવ્યા : શક્તિસિંહ

અમદાવાદ



કેન્દ્રની ભાજપ સરકારના શાસનમાં શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. NEET પરીક્ષામાં થયેલા કૌભાંડો અને ધાંધલીના લીધે દેશના ૨૧ માસૂમ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે.

આ દુઃખદ ઘટના અંગે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા અને પૂર્વ રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે તમામ મૃતક વિદ્યાર્થીઓને શ્રદ્ધાસુમન અર્પણ કરી, સરકારની ક્રૂરતા અને તાનાશાહી સામે આકરો આક્રોશ વ્યક્ત કર્યો છે.

જંતર-મંતર પર પોતાના હક્ક માટે શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર સરકારી ઈશારે થયેલા અત્યાચારનો પર્દાફાશ કરતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે: 'બંધારણે દેશના દરેક નાગરિકને વાણી, અભિવ્યક્તિ અને અહિંસક વિરોધનો મૂળભૂત અધિકાર આપ્યો છે. છતાં પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવતા યુવાનો પર બર્બરતાપૂર્વક લાઠીચાર્જ કરાયો. ૧૨ વર્ષની બાળકીની પીઠ પર લાઠીઓ મારવામાં આવી અને ૧૯ વર્ષની એક દીકરી આજે ICUમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે! શું આ જ ભાજપનું 'બેટી બચાવો' મૉડેલ છે?'

ગુજરાત બન્યું કૌભાંડોનું એપી સેન્ટર: ૨૦૨૪માં જ્યારે NEETનું પેપર ફૂટ્યું ત્યારે તેનું એપી સેન્ટર ગુજરાત નીકળ્યું હતું. ભાજપના હોદ્દેદારો પકડાયા છતાં કડક સજા ન થઈ. જો ત્યારે જ દાખલો બેસાડ્યો હોત તો આજે ૨૦૨૬માં ફરી NEETનું પેપર લીક ન થયું હોત!

૨૨ લાખ વિદ્યાર્થીઓ પર આર્થિક બોજ: NEETની ફરી પરીક્ષા યોજવાનો ખર્ચ કેન્દ્ર સરકારના આખા વર્ષના શિક્ષણ બજેટ કરતાં પણ વધી જાય તેમ છે, જેનો આર્થિક બોજ આખરે દેશના સામાન્ય નાગરિકોના શિરે આવશે.

## કરજણ પોલીસનો મોટો પ્રહાર

# 20 લાખથી વધુના વિદેશી દારૂના જથ્થા સાથે હેરાફેરીનું કૌભાંડ ઝડપાયું

**સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને દારૂના જથ્થાનો સ્ત્રોત તથા તેમાં સંડોવાયેલા અન્ય તત્વો સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા તપાસનો દોર વેગવાન બનાવવામાં આવ્યો છે**

વડોદરા

વડોદરા ગ્રામ્ય પોલીસના માર્ગદર્શન હેઠળ કરજણ પોલીસે પ્રોહિબિશન વિરુદ્ધ વધુ એક મોટી અને નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. કડક કાર્યવાહી અને સતર્ક દેખરેખના ભાગરૂપે કરજણ પોલીસે આશરે રૂ. 20 લાખથી વધુના મુદ્દામાલ સાથે વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડી દારૂની હેરાફેરી કરતા તત્વોમાં ખળભળાટ મચાવી દીધો છે.



મળતી માહિતી મુજબ, કરજણ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે એન.ઈ.-4 એક્સપ્રેસ હાઈવે પરથી વિદેશી દારૂનો મોટો જથ્થો પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે કણભા ગામ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન સફેદ રંગનું અશોક લેલેન્ડ દોસ્ત ડાલું શંકાસ્પદ હાલતમાં પસાર થતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસની હાજરી જોઈ વાહનચાલકે ડાલું રસ્તા પર ચાલુ હાલતમાં જ મૂકી દીધું અને હાઈવેની રેલિંગ કૂદી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.

પોલીસે તાત્કાલિક વાહનને કબજામાં લઈ તેની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વાહનમાં અત્યંત ચાલાકીપૂર્વક છુપાવી રાખવામાં આવેલી ભારતીય બનાવટની પરપ્રાંતીય વિદેશી દારૂની કુલ 9,552 પ્લાસ્ટિક બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ. 15 લાખથી વધુ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ અશોક લેલેન્ડ દોસ્ત વાહન, ડુપ્લિકેટ આર.સી. બુક, ખોટી નંબર પ્લેટ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. કુલ મળીને રૂ. 20 લાખથી વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી પ્રોહિબિશનના મોટા રેકેટને ફટકો પહોંચાડ્યો છે. કરજણ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 23 જુલાઈ 2026 | અમદાવાદ

કોંગ્રેસની અરાજકતા સામે ગુજરાત ભાજપનો ઉગ્ર આક્રોશ

# પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે જગદીશ પંચાલની આગેવાનીમાં વિરોધ પ્રદર્શન!

**"PM આવાસ નજીક અરાજકતા સર્જી લોકશાહી મૂલ્યોનું અપમાન કરનારી કોંગ્રેસને જનતા ક્યારેય માફ નહીં કરે" - જગદીશ પંચાલ**



અમદાવાદ

દિલ્હીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના કાર્યકરો દ્વારા દેશના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નિવાસસ્થાન નજીક સર્જવામાં આવેલી અરાજકતા સામે સમગ્ર ગુજરાતમાં ભાજપના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસની આ અરાજક રાજનીતિના વિરોધમાં અમદાવાદ સ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય (રાજીવ ગાંધી ભવન) ખાતે ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરોએ એકઠા થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં પ્રદેશ ભાજપના અગ્રણી નેતા જગદીશ પંચાલ સહિત મોટી સંખ્યામાં પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા. ભાજપના કાર્યકરોએ કોંગ્રેસ વિરોધી સૂત્રોચ્ચાર કરીને અને પ્લેકાર્ડ દર્શાવીને લોકશાહી પરંપરાઓ પર થતા પ્રહારો સામે પોતાનો સખત આક્રોશ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા જગદીશ પંચાલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'રાહુલ ગાંધી અને કોંગ્રેસે પ્રધાનમંત્રીશ્રીના નિવાસસ્થાન નજીક જે અરાજકતા સર્જી છે તે દેશના લોકતાંત્રિક મૂલ્યોનું ઘોર અપમાન છે. કોંગ્રેસ સતત દેશની સન્માનનીય લોકતાંત્રિક પરંપરાઓને કલંકિત કરવાનો કાયરતાપૂર્ણ પ્રયાસ કરી રહી છે. વિરોધના નામે અરાજકતા ફેલાવવાની આ નકારાત્મક રાજનીતિને ગુજરાત અને દેશની જનતા ક્યારેય સ્વીકારશે નહીં.' કોંગ્રેસ કાર્યાલય ખાતે ભાજપના વિશાળ વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે બેરિકેડ્સ મુકીને સ્થિતિ નિયંત્રણમાં રાખવામાં આવી હતી જેથી કોઈ અપ્રિય ઘટના ન ઘટે.

'પાક્કો ગુજરાત' દ્રષ્ટિકોણ : દિલ્હીથી લઈને ગુજરાત સુધી રાજકારણના પારામાં ગરમાવો આવી ગયો છે. પ્રધાનમંત્રી આવાસ બહારના પ્રદર્શન અને તેના જવાબમાં ગુજરાત ભાજપના કોંગ્રેસ કાર્યાલય ખાતેના ધરણા એ વાતની સાક્ષી પૂરે છે કે આવનારા દિવસોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો રાજકીય જંગ વધુ તીવ્ર અને આક્રમક બનવા જઈ રહ્યો છે.

## હત્યાનો આરોપી ખુલ્લેઆમ ઘર ખોલીને વેચતો હતો વિદેશી દારૂ! કાપોદ્રા પોલીસે દરોડો પાડી દબોચી લીધો

સુરત

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં ગુનાખોરી અને દારૂબંધીના ધજાગરા ઉડાવતા તત્વો સામે પોલીસે લાલઆંખ કરી છે. મિત્રના ઝઘડાનું સમાધાન કરાવવા ગયેલા માસૂમ યુવકની નિષ્ઠુરતાથી હત્યા કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને કાપોદ્રા પોલીસે દારૂના અડ્ડા પરથી ઝડપી પાડ્યો છે. આ આરોપી પોતાના ઘરે જ ખુલ્લેઆમ દરવાજા ખુલ્લા રાખીને વિદેશી દારૂનો કાળો કારોબાર ચલાવતો હતો! મળતી વિગતો મુજબ, થોડા સમય અગાઉ મિત્રના ઝઘડામાં સમાધાન કરાવવા માટે વચ્ચે પડેલા એક યુવક પર જીવલેણ હુમલો કરી તેની હત્યા કરી દેવામાં આવી હતી. આ સનસનાટીભર્યા મર્ડર કેસમાં સામેલ આરોપી સામે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ હતો અને તે પોલીસની પકડથી દૂર ભાગતો ફરતો હતો. દરમિયાન, કાપોદ્રા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આ હત્યાનો આરોપી પોતાના ઘરે જ બિનધિલાધપણે દારૂનો અડ્ડો ચલાવી રહ્યો છે.

બાતમીના આધારે કાપોદ્રા પોલીસની ટીમે આ અડ્ડા પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને આરોપીમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે તેને કોર્ડન કરીને સ્થળ પરથી જ દબોચી લીધો હતો. દરોડા દરમિયાન પોલીસે ફ્લેટ/ઘરમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો, વાહન અને અન્ય સામગ્રી મળીને કુલ રૂપિયા ૫.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જે શખ્સ હત્યા જેવા ગંભીર ગુનાનો આરોપી હોય, તે પોલીસથી બચીને શહેરમાં જ પોતાનું ઘર ખુલ્લું રાખીને દારૂનો વેપાર કરવાની હિંમત કઈ રીતે કરી શકે?

અંબાજી અંડરપાસ પ્રોજેક્ટને વેગ આપવા

## પી.એસ.પી. પ્રોજેક્ટના ભારે વાહનોને ટ્રાફિક પ્રતિબંધમાંથી મુક્તિ



અંબાજી

અંબાજી ટાઉનમાં ચાલી રહેલા અંડરપાસના બાંધકામને સમયસર પૂર્ણ કરવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મિહિર પટેલ (આઈ.એ.એસ.) દ્વારા અગાઉ જાહેર કરાયેલા ટ્રાફિક પ્રતિબંધમાં આંશિક ફેરફાર કરીને અંબાજી મંદિર પરિસર વિકાસ પ્રોજેક્ટની કામગીરી સાથે સંકળાયેલી પી.એસ.પી. પ્રોજેક્ટ લિમિટેડના બાંધકામ સામગ્રી અને ભારે મશીનરી વહન કરતા વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.અગાઉ જાહેર કરાયેલા હુકમ મુજબ અંબાજી ટાઉનમાં અંડરપાસની કામગીરીને કારણે ડી. કે. ત્રિવેદી સર્કલથી ગબ્બર સર્કલ વચ્ચે ૧૨ મીટરથી વધુ લંબાઈ ધરાવતા અને બે કે તેથી વધુ એક્સલવાળા ભારે વાહનો (HGV) તેમજ ૧૫ મીટરથી વધુ લંબાઈના આર્ટીક્યુલેટેડ વાહનોના પ્રવેશ પર તા. ૨૫ મે, ૨૦૨૬થી તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી દરરોજ સવારે ૭:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

મુખ્ય ઈજનેરશ્રી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરની રજૂઆતને ધ્યાને લઈ જાણવા મળ્યું હતું કે આ પ્રતિબંધના કારણે પ્રોજેક્ટ માટે જરૂરી બાંધકામ સામગ્રી અને ભારે મશીનરી પહોંચાડવામાં મુશ્કેલી સર્જાઈ રહી હતી અને કામગીરીમાં વિલંબ થતો હતો. જેના અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ પી.એસ.પી. પ્રોજેક્ટ લિમિટેડના પ્રોજેક્ટ સંબંધિત વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપતો સુધારિત હુકમ જાહેર કર્યો છે.

આ મુક્તિ માત્ર તેવા વાહનોને જ લાગુ પડશે કે જેમની પાસે પી.એસ.પી. પ્રોજેક્ટ લિમિટેડના નામનું માન્ય ચલણ, બિલ અથવા અન્ય સત્તાવાર આધાર દસ્તાવેજો ઉપલબ્ધ હશે.

## હાર્દિક પટેલને રાજ્ય સરકારની 'બર્થ ડે ગિફ્ટ': 2018નો નિકોલ પોલીસ સ્ટેશનનો કેસ પરત ખેંચાયો!

અમદાવાદ

વિરમગામના ભાજપના ધારાસભ્ય અને પાટીદાર અનામત આંદોલન (PAAS)ના પૂર્વ નેતા હાર્દિક પટેલને લઈને મોટા રાજકીય સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે હાર્દિક પટેલ સામે વર્ષ ૨૦૧૮માં અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો કેસ પરત ખેંચી લીધો છે.

યોગાનુયોગ હાર્દિક પટેલના જન્મદિવસે જ આ કાનૂની રાહત મળતાં રાજકીય વર્તુળોમાં તેને 'રાજ્ય સરકારની બર્થ ડે ગિફ્ટ' તરીકે જોવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામત આંદોલન દરમિયાન હાર્દિક પટેલે ખેડૂતોના દેવા માફી અને આંદોલનકારીઓની મુક્તિ જેવા મુદ્દાઓને લઈને પ્રતિક ઉપવાસ અને વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

આ મામલે અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનમાં જાહેરનામાના ભંગ અને ગેરકાયદેસર રીતે મંડળી રચવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં અગાઉ કોર્ટમાં સતત ગેરહાજર રહેવા બદલ મેટ્રોપોલિટન કોર્ટે ધારાસભ્ય હાર્દિક પટેલ સામે નોન-બેલેબલ એરેસ્ટ વોરંટ (ધરપકડ વોરંટ) પણ જાહેર કર્યું હતું.

સરકારે કોર્ટમાં કેસ પરત ખેંચવાની અરજી કરી

રાજ્ય સરકાર દ્વારા પાટીદાર આંદોલન સમયના કેસો પરત ખેંચવાની કરાયેલી જાહેરાત અને નીતિગત નિર્ણયના ભાગરૂપે, સરકારી વકીલ દ્વારા નિકોલ પોલીસ સ્ટેશનના આ કેસને પરત ખેંચવા માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી.

ખેડા-નડિયાદ ક્રાઇમ બ્રાન્ચનો મોટો પ્રહાર

## પાલડીના નામચીન બુટલેગર 'જાફર'નો રૂ.13.55 લાખનો વિદેશી દારૂ ઝડપાયો!






ખેડા/નડિયાદ

ગુજરાતમાં દારૂબંધીના ધજગરા ઉડાવતા બુટલેગરો સામે ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે લાલઆંખ કરી છે. પાલડીના કુખ્યાત બુટલેગર જયેશ અરવિંદભાઈ ઉર્ફે જાફર સોઢા દ્વારા નવાપુરા સ્થિત રામસિંહની મુવાડી ખાતે આવેલા ફાર્મહાઉસમાં છુપાવવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો પોલીસે દરોડો પાડીને ઝડપી પાડ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચે આ દરોડા દરમિયાન કુલ રૂપિયા ૨૭,૬૫,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કરીને બુટલેગરોની સિન્ડિકેટને મોટો ઝટકો આપ્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ફાર્મહાઉસ પર ત્રાટકીને સ્થળ પરથી રૂ. ૧૩,૫૫,૫૬૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો બરામદ કર્યો હતો. આ બૂટલેગિંગ નેટવર્કમાં સામેલ બે મુખ્ય આરોપીઓની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરવામાં આવી છે: 1. પ્રવિણ રણછોડ લોહાર (રહે. અદકાલીયા, તાલુકો ઝાડોલ, (ઉદેપુર) 2. ભગવાન ઉર્ફે જોગી ભારતભાઈ ડાભી (રહે. ખલાડી શિતલપુરા, મહુધા)

પોલીસે દારૂના જથ્થા સાથે વાહન અને અન્ય સામગ્રી મળીને કુલ રૂ. ૨૭.૬૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દરોડા દરમિયાન મુખ્ય બુટલેગર જયેશ અરવિંદભાઈ ઉર્ફે જાફર સોઢા હાથ લાગ્યો ન હતો. આ સિવાય ઉદેપુરના ઝાડોલનો જીતુ અને દારૂની હેરાફેરી કરનાર આઈસર ટ્રકનો ચાલક ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે. ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે આ ત્રણેય ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

યાત્રાધામ અંબાજી નજીક ગબ્બર ખાતે

## યાત્રિકો પાસેથી બાથરૂમ ઉપયોગ માટે ₹10 વસૂલાતા હોવાનો આક્ષેપ




અંબાજી

યાત્રાધામ અંબાજી નજીકના ગબ્બર ખાતે યાત્રિકો માટે જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે તે શૌચાલયના નામે સંચાલક દ્વારા જેન્ટ્સ પેશાબ કરવા જાય તો પાંચ રૂપિયા અને લેડીઝ જાય તો દસ રૂપિયા બાથરૂમના નામે ઉઘાડી લુંટ કરવામાં આવી રહી છે.

ત્યારે અગાઉ પણ આવા બાથરૂમના નામે પચાસ રૂપિયા માગતાનો વિડિયો વાયરલ થયો હતો તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ફરીથી આ સંચાલકોને મોકડુ મેદાન મળી ગયું છે અને ફરીથી હવે વીસ રૂપિયા દસ રૂપિયા પાંચ રૂપિયા એવી રીતે ગબ્બર આવતા યાત્રિકો પાસે દાદાગીરી થી ઉઘરાવવામાં આવે છે જો કોઈ પૈસા ન આપે તો પાછળ પાછળ ગાડી સુધી જઈને યાત્રિકો પાસે દાદાગીરી કરીને પણ પૈસા વસૂલી કરવામાં આવે છે ત્યારે ગબ્બર અને અંબાજીમાં આવા સંચાલકો બાથરૂમ ના નામે દિવસના હજારો રૂપિયા ની વસુલાત કરે છે તેમ છતાં તંત્ર દ્વારા ટેન્ડર રદ કે બ્લેક લિસ્ટ કરવામાં નથી આવતું અવારનવાર યાત્રીકો પાસે થી રુપિયા લેતાના વિડિયો વાયરલ થાય છે તેમ છતાં અધિકારીઓ કેમ અજાણ બનીને યાત્રીકો પાસે ઉગાડી લુંટ કરાવી રહ્યા છે કેમ કાર્યવાહી કરવામાં નથી આવતી તેવાં સવાલો ઉઠવા પામી રહ્યા છે.

ઘરમાં જ ચલાવતો હતો આખું ક્લિનિક

## ઊંઝાના ટુંડાવ ગામથી લોકોના જીવ સાથે ખેલતો 12 પાસ બોગસ ડૉક્ટર ઝડપાયો..!

ઊંઝા/મહેસાણા

જો તમે પણ કોઈ પણ તપાસ વગર અજાણ્યા ક્લિનિકમાં કે સ્થાનિક ડૉક્ટર પાસે સારવાર કરાવવા જાઓ છો, તો આ ખબર તમારા માટે આંખ ઉઘાડનારી છે! મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના ટુંડાવ ગામેથી લોકોની જિંદગી સાથે ખુલ્લેઆમ રમત રમતા એક બોગસ ડૉક્ટરનો પર્દાફાશ થયો છે. માત્ર ધોરણ ૧૨ પાસ હોવા છતાં આ શખ્સ પોતાના ઘરમાં જ આખું ક્લિનિક ખોલીને બેસી ગયો હતો.

મળતી વિગતો મુજબ, ટુંડાવ ગામે રહેતો વિજય બારોટ નામનો શખ્સ કોઈ પણ જાતની માન્ય મેડિકલ ડિગ્રી કે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ વગર બિનઅધિકૃત રીતે ક્લિનિક ચલાવતો હતો. તે ગામના ભોળા અને અજાણ દર્દીઓને ગંભીર બીમારીઓમાં પણ એલોપેથિક દવાઓ અને ઈન્જેક્શનો આપીને તેમના જીવને જોખમમાં મૂકી રહ્યો હતો. બાતમીના આધારે તાલુકા હેલ્થ ટીમ અને ઊંઝા પોલીસની સંયુક્ત ટીમે ઘરમાં ચાલતા આ ક્લિનિક પર અચાનક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી મોટા પ્રમાણમાં એલોપેથિક દવાઓ, સીરીંજ, બોટલ અને અન્ય મેડિકલ સાધન-સામગ્રી મળી આવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૧૭,૫૦૦ની કિંમતનો એલોપેથિક દવાનો જથ્થો અને તબીબી સાધનો જપ્ત કર્યા છે. ઊંઝા પોલીસે આરોપી વિજય બારોટ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એકટ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે અને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

SMCનો દારૂના કાળોકારોબાર પર ત્રાટકો

## 35થી વધુ કેસમાં સંડોવાયેલા રીઢા બુટલેગર નરેશ રાવળની અમદાવાદથી ધરપકડ કરાઈ!

### રાજસ્થાનથી નેટવર્ક ચલાવી ગુજરાતમાં દારૂ ઘુસાડનાર બુટલેગર જેલભેગો; 7 કેસમાં વોન્ટેડ બુટલેગરને સ્ટેટ મોનિટરિંગ સેલે આંતર્યો

અમદાવાદ/સુરત

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના ધજગરા ઉડાડીને બેફામ બનેલા બુટલેગરો સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ સપાટો બોલાવ્યો છે. રાજ્યભરમાં દારૂનું નેટવર્ક ચલાવતા અને ૩૫થી વધુ પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા કુખ્યાત રીઢા બુટલેગર નરેશ રાવળને SMCની ટીમે અમદાવાદથી દબોચી લીધો છે. ૭ જેટલા ગંભીર કેસોમાં લાંબા સમયથી વોન્ટેડ ચાલી રહેલા આ બુટલેગરની ધરપકડથી બૂટલેગિંગ સિન્ડિકેટમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપી નરેશ રાવળ રાજસ્થાનના મોટા દારૂના સપ્લાયરો સાથે સીધો સંપર્ક ધરાવતો હતો. તે રાજસ્થાનથી લક્ઝરી ગાડીઓ તેમજ ગુપ્ત ખાનાઓ ધરાવતા વાહનો મારફતે દારૂનો મોટો જથ્થો ગુજરાતમાં ઘુસાડતો હતો. ત્યારબાદ અમદાવાદ, સુરત સહિત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં સ્થાનિક નાના બુટલેગરોને આ જથ્થો સપ્લાય કરવાનું મોટું નેટવર્ક ચલાવતો હતો. નરેશ રાવળ સામે રાજ્યના વિવિધ પોલીસ મથકોમાં ૩૫થી વધુ પ્રોહિબિશનના કેસો નોંધાઈ ચૂક્યા છે. આટલો ગુનાહિત ઈતિહાસ હોવા છતાં અને ૭ જેટલા કેસોમાં ચોપડે વોન્ટેડ હોવા છતાં તે ખુલ્લેઆમ અમદાવાદમાં ફરીને પોતાનો કાળો કારોબાર ચલાવી રહ્યો હતો. SMCની સરપ્રાઈઝ રેડમાં તે પકડાઈ જતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ ફરી એકવાર મોટા સવાલો ઊભા થયા છે.

₹7.16 કરોડના શંકાસ્પદ વ્યવહારો ઝડપાયા!

## ચાણસ્મામાં ભાડે બેંક ખાતા આપી કરોડો રૂપિયાના દેશવ્યાપી સાયબર ફ્રોડનો પર્દાફાશ



ચાણસ્મા/પાટણ

સરળ પૈસા કમાવાની લાલચમાં પોતાના બેંક એકાઉન્ટ ભાડે આપતા લોકો અને સાયબર ઠગો સામે પાટણ જિલ્લાની ચાણસ્મા પોલીસે લાલઆંખ કરી છે. સરકારના 'ઓપરેશન મ્યુલ હંટ 2.0' અને 'સમાનવયા પોર્ટલ' હેઠળ ચાણસ્મા પોલીસે દેશવ્યાપી સાયબર ફ્રોડ ચલાવતા આંતરરાજ્ય નેટવર્કનો સપાટો બોલાવી પર્દાફાશ કર્યો છે. પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા ૩૩ આરોપીઓ સામે ગુનો નોંધીને અત્યાર સુધીમાં ૨૦ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની આકરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં બહાર આવેલી ચોંકાવનારી વિગતો મુજબ ચાણસ્મા, ઈટોડા, ખાંભેલ અને પાટણ વિસ્તારના કેટલાક વચેટિયાઓ સામાન્ય નાગરિકોને કમિશનની લાલચ આપતા હતા. એક બેંક ખાતા દીઠ દર મહિને નિશ્ચિત રકમ અથવા ૩,૦૦૦ થી ૧૫,૦૦૦ સુધીનું કમિશન આપીને નિર્દોષ લોકોના નામે બેંક ખાતા ખોલાવાતા હતા. ત્યારબાદ આ ખાતાઓની ચેકબુક, એટીએમ કાર્ડ, પાસબુક અને લિંક કરેલા નવતર સિમકાર્ડ મેળવીને દેશભરમાં બેઠેલા સાયબર ગુનેગારોને સોંપી દેવામાં આવતા હતા. ડિજિટલ અરેસ્ટથી લઈને ન્યુડ વીડિયો બ્લેકમેઈલિંગ સુધી કાળો કારોબાર આ ભાડે રાખેલા બેંક ખાતાઓનો ઉપયોગ અત્યંત ગંભીર ગુનાઓમાં થતો હોવાનો ખુલાસો થયો છે: ડિજિટલ અરેસ્ટ અને ફિશિંગ: માસૂમ લોકોને ડરાવી-ધમકાવીને પૈસા પડાવવા. ન્યુડ વીડિયો બ્લેકમેઈલિંગ અને APK ફાઈલ ફ્રોડ: સોશિયલ મીડિયા પર બ્લેકમેઈલ કરીને કરોડો રૂપિયા સપડાવવા.

ઓનલાઈન સટ્ટાબાજી: દેશભરમાંથી ઠગાઈથી મેળવેલા નાણાં આ ખાતાઓમાં ટ્રાન્સફર કરવા. પોલીસની પ્રાથમિક તપાસમાં દેશભરમાં નોંધાયેલી ૩૫ જેટલી સાયબર ગુનાની ફરિયાદો સાથે સંકળાયેલા ૧૧ બેંક ખાતામાંથી ૫,૧૬,૩૭,૦૨૫ ના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. આ સિવાય અન્ય શંકાસ્પદ ખાતાઓ તપાસતાં વધુ ૧,૯૯,૭૭,૮૭૦ મળીને કુલ ૭,૧૬,૧૪,૮૯૫ (સાત કરોડ સોળ લાખથી વધુ) ના ગેરકાયદેસર વ્યવહારો સામે આવ્યા છે.

## તંત્રી લેખ...


# "પેપરલીક અને પોલિટિક્સ અલગ છે" - યુવાનોના લોહીથી ખરડાયેલી લાઠીઓ વચ્ચે જ્ઞાન પીરસતા મહારથીઓને સણસણતો જવાબ!

અચાનક જ 'પેપરલીક' અને 'રાજકારણ' બે અલગ વિષયો છે તેવું જ્ઞાન પીરસવા ક્ષેત્રમાં કૂદી પડેલા મહારથીઓને એ કોણ સમજાવે કે આ દેશનો યુવાન કોઈ રાજકીય રોટલા શેકવા નહીં, પણ પોતાના ભવિષ્યની ભીખ માંગવા માટે રસ્તા પર ઉતર્યો હતો? વર્ષોથી ભ્રષ્ટ તંત્ર સામે અહિંસક લડાઈ લડી રહેલા આશાસ્પદ યુવાનો પર જ્યારે સરકારી લાઠીઓ વીંઝાતી હતી, ત્યારે આ જ્ઞાનીઓની વહીવટી નપુંસકતા ક્યાં સંતાઈ ગઈ હતી?

જ્યારે તંત્રના તાર હલે છે અને સત્તાની ખુરશીઓ નીચેથી જમીન ખસવા લાગે છે, ત્યારે અચાનક જ જ્ઞાનના દેવતાઓ પ્રગટ થઈ જાય છે. શાનદાર એસી રૂમમાં બેસીને, ટાઈ-સૂટ પહેરીને મોટી મોટી નૈતિકતાની વાતો કરતા આ મહારથીઓ આજે યુવાનોને સમજાવી રહ્યા છે કે 'પેપરલીક એ માત્ર એક વહીવટી ખામી છે અને પોલિટિક્સ અલગ વિષય છે!' પરંતુ આ લોકોને એ કડવી વાસ્તવિકતા કોણ સમજાવે કે પેપરલીક કોઈ આકસ્મિક ઘટના નથી, પણ ભ્રષ્ટ રાજકારણ અને સિસ્ટમની મિલીભગતનું ઝેરી પરિણામ છે!

### વર્ષોનો સંઘર્ષ અને અન્યાય સામે અવાજ: આ યુવાનો અચાનક રસ્તા પર નથી આવ્યા

આ એ જ છોકરાઓ છે જેઓ રાત-દિવસ એક કરીને, પોતાના મા-બાપના પરસેવાના પૈસા ગુમાવીને, નાના નાના રૂમમાં




બળબળતી ગરમીમાં એક ટંક ખાઈને સરકારી પરીક્ષાઓની તૈયારી કરતા હતા. તેઓ કોઈ એક રાતમાં રસ્તા પર નથી આવ્યા. તેમણે વર્ષો સુધી આ ભ્રષ્ટ અને સડી ગયેલા તંત્ર સામે શાંતિપૂર્ણ રીતે અપીલ કરી, આવેદનપત્રો આપ્યા, સંવાદ સ્થાપવાના તમામ દરવાજા ઠોક્યા. પરંતુ જ્યારે તંત્ર તરફથી માત્ર સંવેદનાહીન મૌન, ઠાલા આશ્વાસનો અને ગોળ-ગોળ જવાબો જ મળ્યા, ત્યારે આશાનો છેલ્લો તંતુ તૂટતાં તેઓ રસ્તા પર ઉતરવા મજબૂર બન્યા હતા.

'જ્યારે કલમ પકડનારા હાથો પર નિર્દયતાથી લાઠીઓ વરસાવવામાં આવે, ત્યારે એ સમજી લેવું જોઈએ કે તંત્ર પાસે તર્ક અને ન્યાય ખતમ થઈ ચૂક્યો છે. આ લાઠીઓ માત્ર યુવાનોના શરીર પર નથી પડી, પણ આ દેશના લોકશાહી ભવિષ્ય પર પડી છે.'

### સંવાદ અને સમાધાનનો અભાવ: બળપ્રયોગથી સત્ય દબાવવાનો કાયરતાપૂર્ણ પ્રયાસ

જો તંત્ર ઈચ્છત તો લોકશાહી ઢબે યુવાનો સાથે ટેબલ પર બેસીને સંવાદ સાધી શક્યું હોત, પણ વહીવટી અહંકારે સંવાદના તમામ માર્ગો બંધ કરી દીધા. સંવાદ અને સમાધાનની જગ્યાએ યુવાનોને શું મળ્યું? ક્રૂર લાઠીચાર્જ, પોલીસનો આતંક, અને એરેસ્ટ વૉરંટ! જે હાથમાં પુસ્તકો અને પેન હોવી જોઈતી હતી, એ હાથો પર લોહીના ડાઘા અને લાઠીઓના નિશાન છપાઈ ગયા. ન્યાયની આશા સાથે આવેલા માસૂમ છોકરાઓને ગુનેગારોની જેમ રસ્તા પર ઢસડવામાં આવ્યા.

હવે જ્યારે આ ક્રૂરતાનો આક્રોશ ચારેકોરથી ઉભરી રહ્યો છે, ત્યારે 'પેપરલીક અને રાજકારણ અલગ છે' એવું જ્ઞાન પીરસીને પોતાના કાળજાની કાળશ છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જ્યારે સરકારી મશીનરી સંપૂર્ણપણે નિષ્ફળ જાય અને ચોરો-દલાલો બેફામ બને, ત્યારે એ નીતિ વિષયક પ્રશ્ન બને છે અને નીતિઓ બનાવવાનું કામ રાજકારણનું જ છે. તેથી પેપરલીકને પોલિટિક્સથી અલગ બતાવીને તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં!

## 'પાક્કો ગુજરાત'નો સ્પષ્ટ અને આકરો સવાલ

'પાક્કો ગુજરાત' આવા જ્ઞાનીઓને અને તંત્રના આકાઓને ખુલ્લો સવાલ પૂછે છે: જો પેપરલીક રાજકારણનો વિષય નથી, તો પછી દર વખતે કૌભાંડીઓ અને પેપર ફોડનારા માફિયાઓ રાજકીય આકાઓના આશીર્વાદ વગર કઈ રીતે બચી જાય છે? યુવાનોના ભવિષ્ય સાથે રમત રમનારાઓ સામે કડક કાર્યવાહી કરવાને બદલે, પોતાના હક્ક માટે લડતા નિર્દોષ યુવાનો પર લાઠીઓ ચલાવવી એ કયા પ્રકારનો ન્યાય છે?

યાદ રાખો, લાઠીઓના જોરે યુવાનોના અવાજને ક્ષણિક સમય માટે દબાવી શકાય છે, પરંતુ તેમના દિલમાં પ્રગટેલી આક્રોશની જ્વાળાઓને ક્યારેય હોલવી શકાશે નહીં. આ લડાઈ હવે માત્ર એક પરીક્ષા કે પેપર પૂરતી સીમિત નથી રહી, આ લડાઈ સ્વાભિમાન, ન્યાય અને આ દેશના ભવિષ્યની લડાઈ બની ચૂકી છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ચક્રવ્યૂહમાં મોદી: સાત કોઠામાં સરકાર બરાબર ઘેરાઈ...

## મણિપુરથી મોરબી સુધીનો રોષ, 12 વર્ષ પછી પ્રજાનો આક્રોશ આગ બનીને ભભૂક્યો!

રાજકારણમાં ઈતિહાસ પોતાની જાતને પુનરાવર્તિત કરે છે. જે અજેયતાના હોદ્દા પર બેસીને દિલ્હીનું તખ્ત શાસન કરતું હતું, તે જ તંત્ર આજે ચારેકોરથી ઘેરાઈ ગયું છે. સત્તાના ૧૨ વર્ષના લાંબા શાસન પછી આજે પ્રથમ વખત દેશના ખૂણે-ખૂણેથી જનતાનો આક્રોશ ધગધગતા જ્વાળામુખીની જેમ બહાર આવી રહ્યો છે. મણિપુરની સળગતી ખીણોથી લઈને ગુજરાતના મોરબી સુધી અને દિલ્હીના જંતર-મંતરથી લઈને રાજ્યના દરેક ચૌરાહા સુધી–ચક્રવ્યૂહ રચાઈ ચૂક્યો છે અને આ વખતે સરકાર સાત કોઠામાં બરાબરની સપડાઈ ગઈ છે!

૧. મણિપુરનો દાવ: સંવેદનાહીન મૌનનું પરિણામ

મણિપુરમાં મહિનાઓથી સળગતી હિંસા, મહિલાઓ પરના અત્યાચારો અને તંત્રની વહીવટી લાચારીએ દેશના આત્માને ઢંઢોળી નાખ્યો છે.



દિલ્હીમાં બેઠેલા શાસકોનું મૌન પ્રજાને હવે અહંકાર જેવું લાગી રહ્યું છે. પૂર્વોત્તરનો આ અસંતોષ હવે માત્ર એક રાજ્ય પૂરતો સીમિત નથી રહ્યો, પણ સમગ્ર દેશમાં 'સરકાર ક્યાં છે?' એવો તીખો સવાલ ઊભો કરી રહ્યો છે.

૨. મોરબીથી લઈને સ્થાનિક કૌભાંડો: પોતાના જ ગઢમાં ભ્રષ્ટાચારના ધજાગરા

જે ગુજરાતને 'વિકાસનું મોડેલ' બનાવીને દેશભરમાં પ્રચાર કરવામાં આવ્યો, તે જ ગુજરાતમાં મોરબી ઝૂલતા પુલની દુર્ઘટના, પેપરલીકના સિલસિલાબદ્ધ કૌભાંડો અને જર્જરિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરે તંત્રના પ્રી-મોન્સૂનથી લઈને વહીવટી દાવાઓની કળશ ખુલ્લી પાડી દીધી છે. પીડિત પરિવારોનો આક્રોશ અને ન્યાય માટેનો પોકાર આજે પણ હવામાં ગૂંજી રહ્યો છે.

૩. બેરોજગારી અને પેપરલીક: યુવાધનનો જ્વાળામુખી

દેશનો સૌથી મોટો મતદાર વર્ગ એટલે કે યુવાનો–જેણે ૨૦૧૪માં મોટી આશાઓ સાથે કમળ ખીલવ્યું હતું–તે આજે લાઠીઓ ખાઈ રહ્યો છે. વર્ષોની મહેનત પછી જ્યારે પેપર ફૂટે છે અથવા તો પોતાની ન્યાયી માંગણીઓ માટે રસ્તા પર ઉતરેલા યુવાનો પર સરકારી લાઠીચાર્જ થાય છે, ત્યારે એ લાઠીઓ માત્ર શરીર પર નથી વાગતી, પણ સત્તાના પાયા હલાવી નાખે છે.

'જ્યારે સત્તાનો અહંકાર પ્રજાના અવાજ કરતાં મોટો થઈ જાય, ત્યારે પ્રજાનો આક્રોશ જંતર-મંતરની સડકો પર ઉતરી આવે છે. લાઠીઓ અને કેસોના જોરે અવાજ દબાવી શકાય છે, પણ હૃદયમાં જાગેલી આક્રોશની જ્વાળાઓને બુઝાવી શકાતી નથી.'

૪. મોંઘવારી અને મધ્યમ વર્ગની કમરતોડ કમર

જે મધ્યમ વર્ગ સરકારનો 'કોર વોટબેંક' ગણાતો હતો, તે આજે પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ અને શાકભાજીના ભાવવધારા તળે પીસાઈ રહ્યો છે. 'અચ્છે દિન'ના નારાઓ હવે સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો વિષય બની ગયા છે અને સામાન્ય ગૃહિણીનું બજેટ ખોરવાઈ જતાં આ આક્રોશ શાંતિથી ઘરોની અંદર સળગી રહ્યો છે.

૫. જંતર-મંતર પર વિરોધનો અવાજ: વિપક્ષ અને પ્રજાનો યુગલબંધી મોરચો

દિલ્હીનું જંતર-મંતર આજે ફરી એકવાર વિરોધ પ્રદર્શનનું કેન્દ્ર બન્યું છે. CJP અને તમામ વિપક્ષી દળો હવે માત્ર નેતાઓ પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ તેમને જનતાના અસંતોષનો સાથ મળી રહ્યો છે. પ્રધાનમંત્રી આવાસથી લઈને સંસદ સુધી ઘેરાવ કરવાની આક્રમકતા એ વાતની સાક્ષી છે કે હવે પ્રજા ડરવાના મૂડમાં નથી.

'પાક્કો ગુજરાત'નો નિષ્પક્ષ અને આકરો આલેખ

ઈતિહાસ સાક્ષી છે કે દુનિયાની મોટી મોટી સત્તાઓને જો કોઈએ નીચે પાડી હોય તો તે પ્રજાના અસંતોષે જ પાડી છે. ૧૨ વર્ષના શાસન પછી જનતા હવે ઠાલા આશ્વાસનો, ઈવેન્ટ મેનેજમેન્ટ કે વિભાજનકારી રાજકારણથી ધરાઈ ચૂકી છે. તેને હવે નક્કર પરિણામો, રોજગારી, સુરક્ષા અને ન્યાય જોઈએ છે.

જો સરકાર હજુ પણ પોતાની આસપાસ રચાયેલા ચાટુકારોના વલયમાંથી બહાર આવીને જમીની વાસ્તવિકતા અને યુવાનોના આંસુ નહીં જુએ, તો પ્રજાનો આ ભભૂકેલો આક્રોશ આવનારા સમયમાં એવો મોટો રાજકીય ભૂકંપ લાવશે જેને સંભાળવો દિલ્હીના તખ્ત માટે અશક્ય બની જશે!

# વિરોધની કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતર્યા રાહુલ ગાંધી

## "દેશવાસીઓ શિક્ષણ બજેટ કરતાં વધુ ખર્ચ NEET પર કરે છે, છતાં કૌભાંડીઓને સજા નથી થતી!"

દેશના કરોડો યુવાનોના ભવિષ્ય સાથે થઈ રહેલા ખેલ અને શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપેલા ભ્રષ્ટ કૌભાંડો સામે લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વિરોધનો સણસણતો આક્રમક મોરચો ખોલ્યો છે. હાથ કે માથે કાળી પટ્ટી ધારણ કરીને દિલ્હી ખાતે યોજેલી વિસ્ફોટક પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ભાજપ સરકારના શિક્ષણ મોડેલના ધજાગરા ઉડાવી દીધા હતા. તેમણે દેશના લાખો પીડિત વિદ્યાર્થીઓ અને વાલીઓનો અવાજ બનતા



તંત્ર સામે અનેક તીખા સવાલો દાગ્યા હતા.

### "શિક્ષણ બજેટ કરતા વધુ તો પ્રજા NEET પાછળ ખર્ચે છે!" - રાહુલ ગાંધી

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આકરા મોડમાં દેખાયેલા રાહુલ ગાંધીએ આંકડાકીય અને વાસ્તવિક સ્થિતિ રજૂ કરતા જણાવ્યું હતું કે:

'આ દેશની કરુણતા જુઓ! દેશના સામાન્ય અને મધ્યમ વર્ગના વાલીઓ પોતાના બાળકોને ડૉક્ટર બનાવવા માટે કેન્દ્ર સરકારના કુલ શિક્ષણ બજેટ કરતાં પણ વધુ નાણાં NEET ની તૈયારીઓ, કોચિંગ ક્લાસ અને પરીક્ષાઓ પાછળ ખર્ચી નાખે છે. છતાં પરિણામ શું આવે છે? પેપર લીક થઈ જાય છે! આટલા મોટા કૌભાંડો આચરનારા આકાઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને આજે દિવસ સુધી કોઈને આકરી સજા થઈ નથી!'

મુખ્ય આક્ષેપો અને આકરા પ્રહારો:

કૌભાંડીઓ બેફામ, વિદ્યાર્થીઓ હેરાન: લાખો રૂપિયા ખર્ચીને દિવસ-રાત એક કરતા મહેનતુ વિદ્યાર્થીઓના સપનાઓ રોળાઈ રહ્યા છે, જ્યારે પેપર લીક કરતી માફિયા સિન્ડિકેટ સરકારી આશ્રય હેઠળ સુરક્ષિત ફરી રહી છે.

શિક્ષણ વ્યવસ્થા પર કબજો: સંસ્થાઓમાં યોગ્યતાને બદલે એક ચોક્કસ વિચારધારા ધરાવતા લોકોને બેસાડી દેવાતા આખી સિસ્ટમ સડી ગઈ છે.

મૌન શાસકો: સંસદથી લઈને સડક સુધી યુવાનો અવાજ ઉઠાવી રહ્યા છે, પરંતુ વડાપ્રધાન કે જવાબદાર મંત્રીઓ પાસે આ લાખો વિદ્યાર્થીઓને આપવા માટે કોઈ નક્કર જવાબ નથી.

### 'પાક્કો ગુજરાત'નો ઘાતક આલેખ

વિરોધની કાળી પટ્ટી માત્ર એક કાપડનો ટુકડો નથી, પરંતુ આ દેશના કરોડ યુવાનોના અંધકારમય ભવિષ્ય અને તંત્રના અહંકાર પર મારેલો તમાચો છે. જ્યારે દેશનો યુવાન રસ્તા પર આવીને કાળી પટ્ટીઓ બાંધવા મજબૂર બને, ત્યારે સમજવું કે સત્તાનો વિવેક મરી ચૂક્યો છે.

'પાક્કો ગુજરાત' સ્પષ્ટપણે પૂછે છે કે – લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યની બલી ચડાવનારા કૌભાંડીઓ સામે ક્યારે બુલડોઝર ચાલશે? કે પછી તપાસના નામે માત્ર કાગળો જ દોડતા રહેશે?

### વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો કેન્દ્ર સરકાર પર ચોટદાર પ્રહાર; NEET પેપર લીક મામલે તંત્રના મૌન અને નિષ્ફળતા સામે વિસ્ફોટક પ્રેસ કોન્ફરન્સ!

# કલા કે કાયરતા? યુવાનોના દર્દ પર મીઠું ભભરાવતા 'ચમચાગીરીના ઉસ્તાદો' સામે ખુલ્લો મોરચો!

ગુજરાતમાં જ્યારે જ્યારે પેપરલીક, બેરોજગારી કે ભ્રષ્ટ તંત્ર સામે યુવાનો રસ્તા પર ઉતરે છે, ત્યારે જાગૃત નાગરિક તરીકે સમાજને દિશા આપવાનું કામ કલાકારોનું હોય છે. પણ અફસોસ! આજે ગુજરાતના મોટાભાગના કહેવાતા 'નામી કલાકારો' પોતાના સ્વાર્થ, એવોર્ડ અને સરકારી મંચો મેળવવાની ઘેલછામાં એટલા આંધળા થઈ ગયા છે કે તેઓ પીડિત યુવાછાત્રોના સમર્થનમાં ઊભા રહેવાને બદલે ઊલટાનું યુવાનોને જ સવાલો પૂછી રહ્યા છે!

તંત્રની ખામીઓ પર પટ્ટી બાંધીને બેઠેલા અને સત્તાધીશોના તાલ પર નાચતા આ 'ચાટુકારો'ને કોણ સમજાવે કે તમારો આકાર અને ઓળખ આ જ જનતા અને યુવાનોના તાલીઓના જોરે બની છે, સરકારી મહેરબાનીઓથી નહીં!

### "હું યુવાનો સાથે છું": ચમચાગીરીની હદ વટાવનારાઓને સણસણતો જવાબ

જ્યારે યુવાનો પોતાના હક્કની લડાઈ લડી રહ્યા હોય, પોતાના ભવિષ્ય માટે રાત-દિવસ એક કરતા હોય અને તંત્રની ક્રૂર લાઠીઓ સહન કરતા હોય, ત્યારે એમની પડખે ઊભા રહેવાને બદલે સરકારની દલાલી કરતા કલાકારોએ કલા જગતને કલંકિત કર્યું છે.

તંત્રને સવાલ કરવાનો ડર: સરકારી ગ્રાન્ટો અને મોટા કાર્યક્રમો હાથમાંથી સરકી જવાની બીકે કલાકારોનો અવાજ ગળામાં જ ઘોંટાઈ જાય છે.

પીડિતો પર જ પ્રહારો: જે યુવાનો ભ્રષ્ટ સિસ્ટમનો ભોગ બન્યા છે, તેમને જ દોષિત ઠેરવવાની નિમ્ન માનસિકતા આ ચમચાઓએ છતી કરી દીધી છે.

'જે કલાકાર જનતા અને યુવાનોના આંસુ ના જોઈ શકે અને માત્ર સત્તાના તાળવે જીભ ચોંટાડીને બેસી રહે, તે કલાકાર નહીં પણ આત્મસન્માન વેચી ચૂકેલો માત્ર એક સોદાગર છે!'

### 'પાક્કો ગુજરાત'નો ખુલ્લો પડકાર

'પાક્કો ગુજરાત' સ્પષ્ટ અને બુલંદ અવાજે જાહેરાત કરે છે – 'અમે યુવાનો સાથે છીએ!'

અમે એ દરેક યુવાનના અવાજ બનવા માટે વચનબદ્ધ છીએ જે તંત્રના અહંકાર અને ચમચા-કલાકારોની નિષ્ઠુરતાનો સામનો કરી રહ્યો છે. કલાકારોએ યાદ રાખવું પડશે કે સત્તાઓ તો આવશે અને જશે, પણ યુવાનોના ભવિષ્ય સાથે કરેલી આ ગદ્દારી અને તમારી ચમચાગીરીનો ઈતિહાસ તમને ક્યારેય માફ નહીં કરે!

જે કલાકારોમાં સત્ય બોલવાની તાકાત નથી, તેમણે ઓછામાં ઓછું યુવાનોના જખમ પર મીઠું ભભરાવવાનું બંધ કરી દેવું જોઈએ. 'પાક્કો ગુજરાત' યુવાનોના આક્રોશ, તેમના સંઘર્ષ અને ન્યાયની આ લડાઈમાં તેમની સાથે અડીખમ ઊભું છે અને રહેશે.

## દિલ્હીના રાજકારણમાં મોટો ગરમાવો

રાજધાની દિલ્હીના રાજકીય ગલિયારામાં અચાનક જ મોટો ગરમાવો આવી ગયો છે. નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP - શરદચંદ્ર પવાર)ના સુપ્રિમો શરદ પવાર અને તેમના સાંસદ પુત્રી સુપ્રિયા સુલેએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખાસ મુલાકાત કરી છે. દિલ્હીમાં સંસદ ભવન પરિસરમાં યોજાયેલી આ બેઠક બાદ દેશભરના રાજકારણમાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે. ચોંકાવનારી વાત એ છે કે આ મુલાકાતના બરાબર એક દિવસ પહેલા જ શરદ પવારે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સાથે પણ મુલાકાત કરી હતી, જેના કારણે આ બેઠકના રાજકીય માયના વધુ ઘેરા બન્યા છે. મુલાકાત પાછળનું ગણિત કે માત્ર 'શિષ્ટાચાર'? મહારાષ્ટ્રમાં આગામી સમયમાં આવી રહેલી વિધાનસભા ચૂંટણીઓ અને દિલ્હીના બદલાતા રાજકીય સમીકરણો વચ્ચે પવાર પરિવારની વડાપ્રધાન મોદી સાથેની આ બેઠકને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. જોકે, બેઠક બાદ સત્તાવાર રીતે તેને એક શિષ્ટાચાર મુલાકાત અથવા ક્ષેત્રીય પ્રશ્નો અંગેની ચર્ચા ગણાવવામાં આવી રહી છે, પરંતુ રાજકીય પંડિતો આ બેઠક પાછળ કોઈ ઊંડા રાજકીય સમીકરણો હોવાનું અનુમાન લગાવી રહ્યા છે. એક દિવસ પહેલા CJI સાથે મુલાકાત, બીજા દિવસે PM સાથે બેઠક!

શરદ પવારની વ્યૂહરચના હંમેશાં રાજકીય વિશ્લેષકો માટે કોયડો રહી છે. વડાપ્રધાન મોદીને મળવાના બરાબર એક દિવસ અગાઉ જ શરદ પવારે ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તરત જ પુત્રી સુપ્રિયા સુલેને સાથે રાખીને PMO ખાતે વડાપ્રધાન સાથે મુલાકાત કરતાં વિપક્ષી ગઠબંધન (INDIA એલાયન્સ)ની અંદર પણ અનેક પ્રકારની અટકળો વહેતી થઈ છે.

### 'પાક્કો ગુજરાત' દ્રષ્ટિકોણ

રાજકારણમાં કોઈ કાયમી દુશ્મન કે કાયમી મિત્ર હોતું નથી અને શરદ પવાર એ ભારતીય રાજકારણના એવા ખેલાડી છે જેમની ચાલ સમજવી અઘરી છે. એક તરફ કોંગ્રેસ અને વિપક્ષી દળો દિલ્હીમાં રસ્તા પર ઉતરીને પ્રદર્શન કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ વિપક્ષના જ કદાવર નેતા શરદ પવાર વડાપ્રધાન સાથે હસતા મુખે બેઠક કરી રહ્યા છે! 'પાક્કો ગુજરાત' સવાલ પૂછે છે કે, શું આ મુલાકાત માત્ર મહારાષ્ટ્રના વિકાસકામો પૂરતી સીમિત છે કે પછી પડદા પાછળ કોઈ નવું રાજકીય સમીકરણ રચાઈ રહ્યું છે? આવનારો સમય જ બતાવશે કે પવાર-મોદીની આ મુલાકાત મહારાષ્ટ્ર અને દેશના રાજકારણમાં શું નવો વળાંક લાવે છે.

# ચીનની એઆઈ-સેમીકંડક્ટર ચીપની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી

બેઈજિંગ

અમેરિકાએ આર્ટિફિશિયલ સાયબર સુરક્ષા સંબંધે ચિંતાઓ વ્યક્ત કરતા અત્યાધુનિક એઆઈ મોડેલ્સની પહોંચ મર્યાદિત બનાવી દીધી છે ત્યારે હવે ચીન પણ આ જ દિશામાં આગળ વધી રહ્યું છે. ચીન પણ અત્યાધુનિક એઆઈ ટેક્નોલોજી અને સેમીકંડક્ટર ચીપની અન્ય દેશોમાં નિકાસ પર પ્રતિબંધ મૂકવાની વિચારણા કરી રહ્યું છે. ચીન આ પગલું લેશે તો ડિફેન્સ, ઓટોથી લઈને ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ સામે મોટી સમસ્યા ઊભી થઈ શકે છે. ચીન એડવાન્સ એઆઈ ટેક્નોલોજીને વ્યૂહાત્મક રાષ્ટ્રીય અસ્કયામત તરીકે દેશમાં જ રાખવા માગે છે.

ચીનનું વાણિજ્યિક મંત્રાલય કથિતરૂપે ચીની એઆઈ અને સેમીકન્ડક્ટર કંપનીઓ સાથે સુરક્ષાની પદ્ધતિઓ પર ચર્ચા કરી રહ્યું છે. ચીન તેના ડેટાને દેશની બહાર ટ્રાન્સફર કરવા અને વિદેશી યુઝર્સ દ્વારા એઆઈ મોડેલના ડાઉનલોડિંગ પર પ્રતિબંધ મૂકવા પર પણ વિચાર કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ ચીનનું માનવું છે કે તેનાથી અન્ય દેશો દ્વારા એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ અથવા નકલનું જોખમ ઘટી જશે.

ચીનની ક્વાલકોમ, ટીએસએમસી જેવી કંપનીઓને ચીની ડિઝાઈન પર આધારિત ચીપ્સ બનાવતા રોકવા માટે નવો નિયમ બનાવવામાં આવે તેવી શક્યતા છે. એકંદર ડ્રેગન પોતાની ચીપ ડિઝાઈન પર નિયંત્રણ કરવા અને તેને પોતાના દેશની અંદર જ રાખવા માગે છે.

જોકે, હજુ સુધી એઆઈ નિષ્ણાતો સાથે સંકળાયેલા પ્રતિબંધ ફાઈનલ કરાયા નથી, પરંતુ તેને ચીનની નિકાસ પ્રતિબંધ અથવા સ્ટે હોય તેવી વસ્તુઓની સત્તાવાર યાદીમાં તેનો સમાવેશ કરાય તેવી સંભાવના છે. જોકે, મહત્વની બાબત એ છે કે અત્યાધુનિક સેમીકન્ડક્ટર ચીપ્સના ઉત્પાદનની બાબતમાં ચીન સૌથી મોટું ખેલાડી નથી. તાઈવાન, દક્ષિણ કોરિયા અને અમેરિકા આ બાબતમાં ચીન કરતા આગળ છે. ચીન મુખ્યરૂપે ચીપ પેકેજિંગ અને કેટલીક ખાસ કેટેગરીની ચિપ્સનું ઉત્પાદન કરે છે.

ગયા સપ્તાહે પશ્ચિમ એશિયાના ભૂ-રાજકીય તણાવ વચ્ચે ચીને હિલિયમ ગેસની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરીને સમગ્ર દુનિયાને ચોંકાવી દીધી હતી.



પાક્કો ગુજરાત
ગુરુવાર | 23 જુલાઈ 2026 | અમદાવાદ

# કવાંટ-રેણધા રોડ પર એક અઠવાડિયામાં બીજો અકસ્માત: માલભરેલી ગાડી પલટી!

## શું તંત્ર કોઈનો જીવ લેવાની રાહ જોઈ રહ્યું છે?, નવાલજા નજીક બિસ્માર રસ્તાને કારણે ગાડી ખાડામાં ખાબકી; ભ્રષ્ટ અને સંવેદનાહીન વહીવટી તંત્ર સામે સ્થાનિકોમાં આક્રોશનો જ્વાળામુખી!

છોટાઉદેપુર

જે રસ્તા પરથી રોજના સેંકડો લોકો પોતાના જીવના જોખમે પસાર થાય છે, તે જ રસ્તો આજે મોતના કુવા સમાન બની ગયો છે! છોટાઉદેપુર જિલ્લાના કવાંટ-રેણધા રોડ પર આવેલા નવાલજા ગામ નજીક બુધવારે વહેલી સવારે એક મોટી હોનારત ટળી હતી. બિસ્માર અને ખરાબ રસ્તાના કારણે માલસામાન ભરેલી ગાડી રોડની બાજુમાં પલટી મારી ગઈ હતી. એક જ અઠવાડિયામાં આ જ રોડ પર અકસ્માતની આ બીજી ઘટના બની છે, છતાં તંત્ર ઘોર નિંદ્રામાં સોઈ રહ્યું છે!



મળતી વિગતો મુજબ, માલસામાનથી ભરેલી વાહન ગાડી જ્યારે નવાલજા નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે અત્યંત ખરાબ અને તૂટેલા રસ્તાના કારણે ગાડીનું એક ટાયર નીચે ઉતરી ગયું હતું. રસ્તો બિસ્માર હોવાના કારણે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને આખેઆખી ગાડી રોડની બાજુમાં પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં વાહન અને તેમાં ભરેલા માલસામાનને ભારે આર્થિક નુકસાન થયું છે. જોકે, સદનસીબે ડ્રાઈવરનો બચાવ થયો છે અને તેને સામાન્ય ઈજાઓ પહોંચી છે, પરંતુ સવાલ એ છે કે દર વખતે નસીબ સાથ આપશે?

ગત વર્ષે પણ આ જ રોડ પર અનેક વાહનો ફસાયા હતા અને રોજિંદા અકસ્માતો સર્જાતા હતા. માર્ગ અને મકાન વિભાગ તેમજ સંબંધિત અધિકારીઓને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં, પરિસ્થિતિ જસની તસ રહી છે. ૧ અઠવાડિયામાં જ બે-બે અકસ્માતો થવા છતાં અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. 'તંત્રની આ નિષ્ક્રિયતા જોઈને એવું લાગે છે કે જાણે જવાબદાર અધિકારીઓ કોઈ મોટી જાનહાનિ કે કોઈ નિર્દોષનો જીવ જવાની રાહ જોઈને બેઠા છે! જો સમયસર સમારકામ થયું હોત તો આ અકસ્માતો અટકાવી શકાયા હોત.' – રોષે ભરાયેલા સ્થાનિક ગ્રામજનો.

'પાક્કો ગુજરાત' છોટાઉદેપુરના જવાબદાર વહીવટી અધિકારીઓને અને માર્ગ-મકાન વિભાગને ખુલ્લો પડકાર ફેંકે છે:

1. દર વર્ષે રસ્તાના મેન્ટેનન્સ અને પ્રી-મોન્સૂન કામગીરીના નામે મંજૂર થતા કરોડો રૂપિયાના બજેટ કયા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોના ખિસ્સામાં જાય છે?

2. એક અઠવાડિયામાં બે અકસ્માતો થયા છતાં હજુ સુધી રસ્તાનું સમારકામ કેમ શરૂ કરવામાં આવ્યું નથી?

3. જો આવનારા દિવસોમાં આ રોડ પર કોઈ નિર્દોષ નાગરિકનો જીવ જશે, તો તેની જવાબદારી કયો અધિકારી પોતાના શિરે લેશે?

ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે રસ્તાનું કાયમી સમારકામ કરવા અને બેદરકાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

# સાબરકાંઠામાં જ્ઞાનસહાયકનો બીજો કેમ્પ 251 જગ્યાઓ માટે શાળા પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ





ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લામાં જ્ઞાન સહાયક શિક્ષકોની શાળા પસંદગી માટેનો બીજો કેમ્પ આજે યોજાઈ રહ્યો છે. આ કેમ્પમાં કુલ 251 ખાલી જગ્યાઓ ભરવા માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.સરકારી, ગ્રાન્ટેડ અને આશ્રમ શાળાઓમાં જ્ઞાન સહાયક શિક્ષકોની પસંદગી માટે ત્રિદિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ કેમ્પમાં કુલ 477 જગ્યાઓમાંથી 226 જગ્યાઓ ભરાઈ હતી. આજે હિંમતનગરના બેરણા રોડથી કાંકરોલ રોડ પર આવેલી ન્યુ એજ્યુકેશન હાઈસ્કૂલના તત્વમ ભવન ખાતે બીજો કેમ્પ ચાલી રહ્યો છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં 14 વિષયો માટે શિક્ષકોની પસંદગી કરવામાં આવી રહી છે. જેમાં રસાયણવિજ્ઞાન, ગણિતવિજ્ઞાન, જીવવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, તત્વજ્ઞાન, ઈતિહાસ, મનોવિજ્ઞાન, ભૂગોળ, સમાજશાસ્ત્ર, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને કોમર્સ વિષયોનો સમાવેશ થાય છે. આ વિભાગમાં કુલ 256 જગ્યાઓ સામે પ્રથમ કેમ્પમાં 89 જગ્યાઓ ભરાઈ હતી, જ્યારે 167 જગ્યાઓ ખાલી રહી છે. માધ્યમિક વિભાગમાં 9 વિષયો માટે પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. આ વિષયોમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, ગણિત, સામાજિક વિજ્ઞાન, ચિત્ર, યોગ અને સ્વાસ્થ્ય તેમજ કોમ્પ્યુટરનો સમાવેશ થાય છે. માધ્યમિક વિભાગની કુલ 221 જગ્યાઓમાંથી પ્રથમ કેમ્પમાં 137 જગ્યાઓ ભરાઈ હતી, જ્યારે 84 જગ્યાઓ ખાલી છે. બાકી રહેલી આ તમામ 251 જગ્યાઓ માટે આજે બીજા કેમ્પમાં પસંદગી કરવામાં આવશે.

### દારૂની મહેફિલ માણી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ ઝડપાયા

# ડભોઈમાં બેફામ થાર ચાલકે 3 વાહનોને લીધાં અડફેટે

ડભોઈ

ડભોઈ શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મહુડી ભાગોળ વિસ્તારમાં મંગળવારે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે.

પુરપાટ ઝડપે આવી રહેલી લાલ રંગની થાર કારના ચાલકે સ્ટેઅરિંગ પરથી કાબૂ ગુમાવતા એક પછી એક ૩ વાહનોને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક સ્થાનિક નાગરિકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોના ટોળા





ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા અને લાલ થાર કારને ઘેરી લીધી હતી. તપાસ કરતા કારમાં ૬ વિદેશી વિદ્યાર્થીઓ સવાર હોવાનું માલૂમ પડ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી કારની તપાસ હાથ ધરતા અંદરથી બિયરનો જથ્થો મળી આવ્યો હતો. જે બાદ પોલીસે ઘટનામાં સામેલ ૨ વિદેશી વિદ્યાર્થીઓની અટકાયત કરી હતી.

પકડાયેલા વિદ્યાર્થીઓમાં જ્યોર્જમેન અતેપ અને પોલ પાવલ સાયમનનો સમાવેશ થાય છે. જે પૈકી એક વિદ્યાર્થી નશામાં ધૂત હાલતમાં મળી આવ્યો હતો, જ્યારે બીજા વિદ્યાર્થી સામે કારમાં બિયર રાખવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. કારમાં સવાર એક યુવતી સહિત અન્ય ૩ વિદ્યાર્થીઓની પ્રાથમિક પૂછપરછ કરીને તેમને જવા દેવામાં આવ્યા હતા.

પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કરાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. હાલ ડભોઈ પોલીસે લાલ રંગની થાર કાર કબ્જે કરી છે અને વિદેશી વિદ્યાર્થીઓ સામે અકસ્માત સર્જવા તેમજ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચાંદીપુરા અને રોગચાળાના ભયથી ગ્રામજનોમાં ભારે રોષ

# ડભોઇ તાલુકાના પલાસવાડા ગામના પ્રવેશદ્વારે જ ગંદકીનું સામ્રાજ્ય

ડભોઇ

ચાંદીપુરા અને રોગચાળાના ભયથી ગ્રામજનોમાં ભારે રોષ ડભોઈ એક તરફ સમગ્ર ગુજરાત રાજ્યમાં તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનની મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે તો બીજી તરફ ડભોઈ તાલુકાના પલાસવાડા ગામમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. પલાસવાડા ગામના મુખ્ય એન્ટ્રી પોઈન્ટ (પ્રવેશદ્વાર) પર જ ચારેય તરફ ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળી રહ્યું છે.

ગામના પ્રવેશદ્વારે જ એકઠા થયેલા કચરાના ઢગલા, ઉભરાતા ગંદા પાણી અને અસહ્ય દુર્ગંધના કારણે સ્થાનિક રહીશો તેમજ ત્યાંથી



પસાર થતા વાહનચાલકો ત્રાહિમામ પુકારી ઉઠ્યા છે સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગ્રામ પંચાયત દ્વારા આ વિસ્તારમાં નિયમિત સાફ-સફાઈ કરવામાં આવતી નથી જેના કારણે કચરાનો મોટો ખડકલો થઈ ગયો છે.

રોગચાળાની ભીતિ ઝાડા-ઊલટી અને ચાંદીપુરા વાયરસનો ફાટાસો હાલ સમગ્ર ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ અને મોસમી રોગચાળાએ માથું ઊંચક્યું છે ત્યારે પલાસવાડા ગામમાં વ્યાપેલી આટલી હદની ગંદકીને લીધે આસપાસના વિસ્તારમાં રહેતા લોકોમાં ભારે ભયનો માહોલ છે.

ગ્રામજનો ભયભીત છે કે જો આ ગંદકીના કારણે વિસ્તારમાં ઝાડા, ઊલટી, મલેરિયા કે ચાંદીપુરા જેવો જીવલેણ રોગચાળો ફેલાશે તો તેનો જવાબદાર કોણ રહેશે એક તરફ સરકાર સ્વચ્છતા અભિયાનના નામે મોટો પ્રચાર કરે છે જો અહીં કોઈ ગંભીર બીમારી ફેલાશે તો શું પંચાયત કે તાલુકા તંત્ર તેની જવાબદારી લેશે.

# અંકલેશ્વરના પોશ રેસિડેન્સી એરિયામાં ડ્રગ્સની 'હોમ બેઝ ફેક્ટરી' ઝડપાઇ

## ગડખોલ ગામની ભાવના ફાર્મ સોસાયટીના ભાડાના મકાનમાં ચાલતું હતું કાળું સામ્રાજ્ય; કરોડોનું MD ડ્રગ્સ, 2-બ્રોમો અને રો-મટીરિયલનો મોટો જથ્થો કબ્જે!

અંકલેશ્વર/ભરૂચ

ઔદ્યોગિક નગરી અંકલેશ્વર હવે કેમિકલ ઉદ્યોગોની સાથે સાથે નશાના કારોબારીઓ માટે પણ સેફ હેવન બની ગયું હોય તેમ લાગે છે! અંકલેશ્વરના શાંત અને રહેણાંક વિસ્તાર ગણાતા ગડખોલ ગામની *'ભાવના ફાર્મ સોસાયટી'*માંથી ડ્રગ્સ બનાવવાનું એક મોટું નેટવર્ક ઝડપાતાં સમગ્ર રાજ્યમાં ભારે સનસનાટી મચી ગઈ છે. દિલ્હી અને સુરત DRI (ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ)ની ટીમોએ સંયુક્ત ઓપરેશન પાર પાડીને ભાડાના મકાનમાં ચાલતી ડ્રગ્સની આખી 'હોમ બેઝ ફેક્ટરી'નો પર્દાફાશ કર્યો છે.

બાતમીના આધારે દિલ્હી અને સુરત DRIની ટીમોએ અચાનક ભાવના ફાર્મ સોસાયટીના એક ભાડાના મકાનમાં ત્રાટકીને દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા, કારણ કે સામાન્ય રહેણાંક મકાનની અંદર જ ડ્રગ્સ બનાવવાની આખી સિન્ડિકેટ ચાલી રહી હતી.

મળેલી પ્રાથમિક માહિતી મુજબ, સ્થળ પરથી અત્યંત ઝેરી અને નશાકારક MD ડ્રગ્સ, ડ્રગ્સ બનાવવા માટે વપરાતું ૨-બ્રોમો (2-Bromo) કેમિકલ તેમજ કરોડો રૂપિયાનું રો-મટીરિયલ અને પ્રોસેસિંગ સાધનો મોટી માત્રામાં જપ્ત કરવામાં આવ્યા છે. DRIની ટીમ દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને મોડી રાત સુધી ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી હતી.

જે સોસાયટીમાં સો-બેસો પરિવારો રહેતા હોય, બાળકો રમતા હોય, ત્યાં જ ભાડાના મકાનમાં આટલો મોટો ડ્રગ્સ બનાવવાનો કાળો કારોબાર ધમધમતો હોય અને સ્થાનિક પોલીસ કે વાલીપણાનો દાવો કરતા તંત્રને ગંધ સુદ્ધાં ન આવે? એ સૌથી મોટો સવાલ છે. દિલ્હીથી DRIની ટીમ આવીને દરોડો પાડે ત્યારે જ સ્થાનિક તંત્ર જાગે છે!

'પાક્કો ગુજરાત'નો ઘાતક અને તીખો સવાલ : ગુજરાતને નશા મુક્ત બનાવવાના દાવાઓ વચ્ચે અંકલેશ્વર જેવા શહેરોમાં હવે ઘર-ઘર સુધી ડ્રગ્સની ફેક્ટરીઓ પહોંચી ગઈ છે! 'પાક્કો ગુજરાત' તંત્ર સામે સણસણતો સવાલ પૂછે છે:

રહેણાંક વિસ્તારમાં ભાડાનું મકાન આપીને આટલું મોટું કેમિકલ પ્રોસેસિંગ થતું હતું છતાં સ્થાનિક પોલીસનું નેટવર્ક કેમ સુષુપ્ત અવસ્થામાં હતું?

# રાણાવાવ મેઈન બજારમાં વરલી મટકાનો જુગાર રમતા બે ઝડપાયા

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લાના રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાણાવાવ ટાઉનના મેઈન બજારમાં જાહેરમાં વરલી મટકાના આંકડાનો જુગાર રમતા બે શખ્સોને રાણાવાવ પોલીસે રૂ. ૨૦,૨૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ જાહેરમાં વરલી મટકાના આંકડાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રાણાવાવ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન રાણાવાવના બે ઈસમો જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા હોવાનું સામે આવતા પોલીસે બંનેને ઝડપી પાડી તેમની સામે જુગાર ધારાની કલમ ૧૨(અ) મુજબ ગુનો નોંધ્યો હતો.





જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નાબૂદ કરવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાઓના અનુસંધાને રાણાવાવ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી. સુતરીયાના માર્ગદર્શન હેઠળ રાણાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી. જી. ડાંગરે પોલીસ સ્ટાફને જુગારની પ્રવૃત્તિઓ સામે સઘન કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

### રાણપુર શહેર અને તાલુકામાં

# PGVCLના વીજચોરો ઉપર દરોડા પડતા દોડધામ મચી ગઈ

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર શહેર અને રાણપુર તાલુકામાં PGVCL ની વિવિધ ટીમો દ્વારા વીજચોરો ઉપર વ્યાપક દરોડા પાડવામાં આવતા વીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.અમરેલી,સાવરકુંડલા, ધાંગધ્રા, ગઢડા, સુરેન્દ્રનગર, બોટાદ ,જાફરાબાદ, ઉના અને રાણપુરની ટીમોએ સંયુક્ત રીતે રાણપુર શહેર અને રાણપુર તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધર્યું હતું. રાણપુર શહેર તેમજ રાણપુર તાલુકાના ઉમરાળા, રાજપરા, નાનીવાવડી,ખસ સહીતના ગામોમાં વીજચોરો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં 220 જેટલા વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જે ચેકિંગ દરમિયાન 54 વીજ કનેક્શનમાં વીજચોરી ઝડપાઈ હતી અને આ 54 વીજચોરો ને 34 લાખ રૂપિયાનો





દંડ ફટકારવામાં આવ્યો હતો. PGVCL ની ચેકિંગની ટીમના ધાડેધાડા રાણપુર તાલુકામાં ઉતરતા વીજચોરોમાં દોડધામ મચી ગઈ હતી જ્યારે આ બાબતે બોટાદ જિલ્લા PGVCL ના અધિક્ષક ઈજનેર કે.ડી.નીનામા તેમજ રાણપુર PGVCL કચેરીના ડેપ્યુટી ઈજનેર રત્ના ચૌધરીએ જણાવ્યું હતું કે રાણપુર તાલુકામાં વીજ ગ્રાહકો જે રીતે વીજચોરી કરીને દેશને આર્થિક રીતે નુકસાન પહોંચાડી રહ્યા છે તેવા વીજચોરો ને સ્પષ્ટ સૂચના છે વીજચોરી બંધ કરી દે આગામી દિવસોમાં પણ PGVCL અનેક ટીમો રાણપુર અને તાલુકામાં વીજ ચેકિંગ ગમે ત્યારે કરી શકે છે જે કોઈ લોકો વીજચોરીમાં પકડાશે તેઓને દંડ ફડકારવામાં આવશે કોઈને છોડવામાં નહીં આવે રાણપુર શહેર અને તાલુકામાં PGVCL ની ટીમો દ્વારા વીજ ચેકિંગ કરતાં વીજચોરો દંડ ફટકારતા વીજચોરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

### આરબીએસકે ટીમની સમયસર કામગીરીથી નવજાતને તાત્કાલિક સારવાર મળી

# ગુલતોરા આરોગ્ય વિભાગની સતર્કતાથી જન્મજાત ખોડખાંપણ ધરાવતા નવજાતનું સફળ ઓપરેશન

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના ગુલતોરા ગામની રહેવાસી શ્રીમતી જશોદાબેન સુરેશભાઈ નિસરતાના ઘરે તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ મહીપ હોસ્પિટલ, ઝાલોદ ખાતે પ્રસૂતિ થઈ હતી. પ્રસૂતિ બાદ નવજાત બાળકમાં Imperforate Anus (Anorectal Malformation - ARM) નામની જન્મજાત ખોડખાંપણ હોવાનું નિદાન થયું હતું. આ અંગેની જાણ થતાં જ દાહોદ જિલ્લા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય તિલાવટ તથા ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ ગુલતોરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આરબીએસકે ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી.

પીએચસીના તબીબ ડૉ. મહેશ ગણાવા, આરબીએસકે ટીમ તથા એમપીએચએસ અતુલભાઈના સહયોગથી બાળકના વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકને વધુ સારવાર માટે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યું હતું. ત્યાં જરૂરી તબીબી તપાસ અને સારવાર બાદ તા. ૦૬/૦૭/૨૦૨૬ના રોજ નવજાત બાળકનું સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું. એનોરેક્ટલ ખોડખાંપણ (Anorectal Malformation - ARM) એ એક પ્રકારની જન્મજાત સ્થિતિ છે, જેમાં નવજાત બાળકના ગુદા અને ગુદામાર્ગનો વિકાસ સામાન્ય રીતે થતો નથી. આ સ્થિતિમાં ગુદાનું મુખ સંપૂર્ણપણે ન હોવું, ગુદાનું યોગ્ય સ્થાને ન હોવું અથવા ગુદામાર્ગનો ગુદા સાથે યોગ્ય જોડાણ ન હોવું જેવી સમસ્યાઓ જોવા મળી શકે છે.

આ ખોડખાંપણની ગંભીરતા દરેક બાળકમાં અલગ હોઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં સ્થિતિ હળવી હોય છે, જ્યારે કેટલાક કિસ્સાઓમાં ગુદાનું મુખ સંપૂર્ણપણે બંધ હોય છે.

# 'CM આવીને જતા રહ્યા પણ સમસ્યા એમની એમ જ'; માત્ર 3 ઈંચ વરસાદમાં જ આખું નવસારી ફરી પાણી-પાણી!

■ **70 રસ્તાઓ બંધ, શાકમાર્કેટથી લઈને સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી; તંત્રના પ્રી-મોન્સૂન પ્લાનિંગના ધજગરા ઉડાવતો 'પાક્કો ગુજરાત'નો વિશેષ રિપોર્ટ**

નવસારી

રાજ્યના મુખ્યમંત્રી નવસારીની મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરી ગયા, મોટા મોટા આશ્વાસનો અને દાવાઓ પણ આપી ગયા, પરંતુ જમીની હકીકત આજે પણ બદલાઈ નથી. નવસારીવાસીઓની આફતનો અંત આવ્યો નથી! માત્ર ૩ ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં જ આખું નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તાર ફરી એકવાર જળબંબાકાર થઈ ગયું છે. લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે અને તંત્રના પ્રી-મોન્સૂન કામગીરીના પોકળ દાવાઓની કળશ ખુલ્લી પડી ગઈ છે.

સ્થાનિક રહીશોનો આક્રોશ ચરમસીમાએ છે. 'પાક્કો ગુજરાત'ના ગ્રાઉન્ડ રિપોર્ટ દરમિયાન સ્થાનિક લોકોએ ભારે નિરાશા સાથે જણાવ્યું કે, 'VIP પ્રવાસો થાય છે, નેતાઓ અને અધિકારીઓ ગાડીઓની કાફલા સાથે આવે છે અને ફોટોશૂટ કરાવીને જતા રહે છે. પણ અમારે રોજિંદી નરકાગાર સ્થિતિ ભોગવવી પડે છે. CM સાહેબ આવીને ગયા પછી પણ પરિસ્થિતિમાં ૧ ટકાનો પણ સુધારો થયો નથી.' ૭૧ જેટલા માર્ગો વાહનવ્યવહાર માટે બંધ: વરસાદી પાણીના ભરાવા અને નદીઓના જળસ્તર વધવાને કારણે જિલ્લાના ૭૧ જેટલા નાના-મોટા રસ્તાઓ બંધ કરવાની નોબત આવી છે, જેના કારણે અનેક ગામડાઓનો સંપર્ક કપાઈ ગયો છે. વસારીના મુખ્ય શાકમાર્કેટમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વેપારીઓનો માલસામાન પલળીને બગાડ થયો છે. રોજીંદી આવક પર નિર્ભર નાના વેપારીઓ પાયમાલ થઈ રહ્યા છે. શહેરની નીચાણવાળી સોસાયટીઓમાં ફરી એકવાર ૨ થી ૩ ફૂટ પાણી ભરાઈ જતાં રહીશો ઘરોમાં કેદ થવા મજબૂર બન્યા છે.



### કાસ્ટિંગ કાઉચ' અને કમ્પ્રોમાઇઝને લઈને ચોંકાવનારો ખુલાસો

# બોલ્ડસીનની ડિમાન્ડ પૂરી ન કરી તો શોમાંથી બહાર કાઢી દીધી: સ્મૃતિ ખન્ના


મુંબઈ

ટીવી એક્ટ્રેસ સ્મૃતિ ખન્નાએ મનોરંજન જગતમાં 'કાસ્ટિંગ કાઉચ' અને કમ્પ્રોમાઈઝને લઈને મોટો અને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. 'બાલિકા વધૂ' અને 'મેરી આશિકી તુમસે હી' જેવા જાણીતા શોમાં કામ કરી ચૂકેલી સ્મૃતિએ દાવો કર્યો છે કે એક ખૂબ જ પ્રખ્યાત અને પરિણિત એક્ટરની અનૈતિક અપેક્ષાઓ પૂરી કરવાનો અને બોલ્ડ સીન કરવાનો ઈનકાર કરવા બદલ તેને એક મોટા નાટક (Play) માંથી રાતોરાત બહાર કરી દેવામાં આવી હતી. અસિસ્ટન્ટના ફોનથી થયો સનસનાટીપૂર્ણ ખુલાસો એક મીડિયા સાથેની ખાસ વાતચીતમાં સ્મૃતિ ખન્નાએ આ કડવો અનુભવ શેર કરતા જણાવ્યું કે, "મને એક થિયેટર પ્લે ઓફર થયો હતો. તેમાં એક ખૂબ જ મોટા અને પોપ્યુલર હિન્દી એક્ટર મુખ્ય રોલમાં હતા, જે આજે પણ ટીવીના ટોચના સ્ટાર્સમાં ગણાય છે. તેમણે મારી સાથે સીધી વાત નહોતી કરી, પરંતુ પોતાના અસિસ્ટન્ટ મારફતે સંદેશો મોકલ્યો હતો. તેમની અપેક્ષા હતી કે જ્યારે આ નાટકના શો અલગ-અલગ શહેરોમાં થશે અને ટૂર પર જઈશું, ત્યારે હિરોઈન દરેક જગ્યાએ તેમની સાથે રહે અને કમ્પ્રોમાઈઝ કરે. પરંતુ જ્યારે તેમને લાગ્યું કે હું આ શરતો નહીં સ્વીકારું, ત્યારે તેમણે મને તે નાટકમાંથી હટાવી દીધી." બોલ્ડ સીન નહીં, અસલી કારણ કંઈક અલગ જ હતું સ્મૃતિએ આગળ ઉમેર્યું કે, "શરૂઆતમાં મને લાગ્યું કે કદાચ મેં ટાઉલ (Towel) વાળા બોલ્ડ સીન માટે ના પાડી હતી એટલે મને કાઢી મૂકવામાં આવી રહી છે. નાટકમાં મારે સ્નાન કર્યા પછી માત્ર ટુવાલ લપેટીને સ્ટેજ પર આવવાનું હતું, જેના માટે મેં ના પાડી હતી. મેં તો એવું પણ કહ્યું કે જો સીનનો જ મુદ્દો હોય તો હું એ કરીશ, તમે ટુવાલને સ્ટીચ કરી દેજો જેથી તે પડે નહીં. પરંતુ તે એક્ટરના અસિસ્ટન્ટે હિચકિચાટ સાથે મને ફોન પર કહ્યું કે, 'સ્મૃતિ તમે આ પ્લે ન કરો. હું તમને સાચું કારણ નહીં જણાવી શકું પણ તમે ખૂબ સારા છો એટલે આ કામ ન કરો.' બાદમાં મને બીજા કોઈ મારફતે ખબર પડી કે તે એક્ટરને એવું લાગતું હતું કે પ્લે તેના નામે ચાલવાનો છે, તો તેને હિરોઈન તરફથી શું ફાયદો મળશે?" આજે પણ ટીવી ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે તે એક્ટર નોંધનીય છે કે સ્મૃતિ ખન્નાએ તે પરિણિત એક્ટરનું નામ જાહેર કર્યું નથી, પરંતુ તેમણે જણાવ્યું કે તે એક્ટર પરિણિત છે અને આજે પણ ઘણા મોટા શિઅલ, ટીવી શૉ અને રિયાલિટી શૉનો ભાગ છે.

**સ્મૃતિ ખન્નાએ ઘણા લોકપ્રિય સિરિયલોમાં ઉત્કૃષ્ટ અભિનય કર્યો છે**

# શાહરૂખ "છેલ્લો સુપરસ્ટાર" નથી: અન્નુ કપૂર

## શાહરૂખે પોતાની મહેનતથી દુનિયાભરમાં મોટું નામ કમાયું છે: અન્નુ કપૂર



મુંબઈ

બોલિવૂડ જગતમાં દિગ્ગજ અભિનેતા અન્નુ કપૂરે પોતાના તાજેતરના નિવેદનોથી ફરી એકવાર મોટી ચર્ચા જગાવી છે. તેમણે શાહરૂખ ખાનના વર્ષો જૂના તે દાવાને સદંતર ફગાવી દીધો છે જેમાં શાહરૂખે પોતાને હિન્દી સિનેમાનો "છેલ્લો સુપરસ્ટાર" ગણાવ્યો હતો. અન્નુ કપૂરનું સ્પષ્ટ માનવું છે કે ફિલ્મ ઉદ્યોગમાં કોઈપણ એક કલાકારને હંમેશ માટેનો છેલ્લો સુપરસ્ટાર લેબલ આપવું સંપૂર્ણપણે અનુચિત છે. સિનેમા એક સતત વિકસતી કલા છે અને સમય સાથે નવા કલાકારો હંમેશાં નવા આઈકોન બનાવતા રહે છે. શાહરૂખ ખાનનો વર્ષ 2014 નો પ્રખ્યાત દાવો વર્ષ 2014 માં પ્રખ્યાત અભિનેતા અનુપમ ખેરના લોકપ્રિય ટોક શો "કુછ ભી હો સકતા હૈ" માં વાતચીત દરમિયાન શાહરૂખ ખાને આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું કે, "હું નમ્ર છું, પણ સાચું કહું તો, હું છેલ્લો સુપરસ્ટાર છું." શાહરૂખના આ નિવેદનને તેમના પ્રશંસકોએ હંમેશાં સાચું માન્યું છે. જોકે, અન્નુ કપૂર આ વાત સાથે બિલકુલ સહમત નથી. ખાસ વાત એ છે કે અન્નુ કપૂરે વર્ષ 1993 માં આવેલી ફિલ્મ "ડર" માં શાહરૂખ ખાન સાથે સ્ક્રીન શેર કરી હતી, છતાં તેઓ શાહરૂખને અંતિમ સ્ટાર માનવા તૈયાર નથી. પોતાના તર્કને મજબૂત કરતા અન્નુ કપૂરે ભૂતકાળના સુપરસ્ટાર રાજેશ ખન્નાનું ઉદાહરણ આપ્યું. તેમણે યાદ અપાવ્યું કે એક સમય એવો હતો જ્યારે રાજેશ ખન્નાને દેશના સર્વોચ્ચ સુપરસ્ટાર ગણવામાં આવતા હતા, પરંતુ શું તેમના ગયા પછી બોલિવૂડમાં કોઈ મોટો સ્ટાર નહોતો આવ્યો? રાજેશ ખન્નાના યુગ પછી મહાનાયક અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજ કલાકાર ઉભરી આવ્યા.

# તમિલનાડુના CM વિજયની છેલ્લી ફિલ્મ પ્રથમ દિવસે જ મચાવશે ધૂમ

## 'Jana Nayagan' આજે રિલીઝ થશે. CBFCના વિલંબ અને ઓનલાઈન લીક છતાં, ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવવા તૈયાર

મુંબઈ

સાઉથ સિનેમાના સુપરસ્ટાર થલપતિ વિજયની છેલ્લી અને મોસ્ટ અવેટેડ ફિલ્મ 'Jana Nayagan' તમામ મુશ્કેલીઓ પાર કરીને આ ગુરુવારે થિયેટરોમાં ધમાકેદાર એન્ટ્રી કરવા જઈ રહી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ના કારણે થયેલા વિલંબ અને રિલીઝ પહેલાં જ ઓનલાઈન લીક થવા જેવી મોટી અડચણો બાદ પણ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. ટ્રેડ નિષ્ણાતોના મતે, આ ફિલ્મ પોતાના ઓપનિંગ ડે પર જ વિશ્વભરમાંથી 100 કરોડનો આંકડો પાર કરી શકે છે. આ ફિલ્મને હિન્દીમાં 'જન નેતા' તરીકે રિલીઝ કરવામાં આવી રહી છે. વિવાદો અને પાઈરસી છતાં બોક્સ ઓફિસ પર મજબૂત પકડ ટ્રેડ એક્સપર્ટના મતે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ચોક્કસપણે એક મોટું અને રેકોર્ડબ્રેક ઓપનિંગ મેળવશે. જોકે, એને લઈને એક મોટી ચિંતા પણ છે. ચૂંટણી પહેલાં આ આખી ફિલ્મ ઓનલાઈન લીક (પાઇરસી) થઈ ગઈ હોવાના કારણે ઘણા લોકોએ તે પહેલેથી જ જોઈ લીધી છે. આ સ્થિતિમાં, શું લોકો બીજા વીકેન્ડમાં થિયેટરો સુધી આવશે કે નહીં, તે જોવું રસપ્રદ રહેશે. ગ્લોબલ કલેક્શન અંગે અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે ઓપનિંગ ડે પર ફિલ્મની વિશ્વભરમાંથી 75 કરોડથી 100 કરોડ સુધીની કમાણી થવાની આશા છે. જોકે, વિજયની અગાઉની બ્લોકબસ્ટર ફિલ્મ 'Leo'એ 150 કરોડનું કલેક્શન કર્યું હતું, પરંતુ આ ફિલ્મ કદાચ તે આંકડા સુધી પહોંચી શકશે નહીં એવું કહેવામાં આવી રહ્યું છે. આ પાછળનું કારણ પાઈરસી છે. 'Jana Nayagan'ની સાથે જ હોલીવૂડની મોટી ફિલ્મ 'The Odyssey' પણ રિલીઝ થઈ રહી છે. આ અંગે ટ્રેડ એક્સપર્ટ અભિપ્રાય આપી રહ્યાં છે કે બંને ફિલ્મોની ટાર્ગેટ ઓડિયન્સ (પ્રેક્ષક વર્ગ) તદ્દન અલગ છે. આથી, બંને ફિલ્મો એકબીજાના બિઝનેસને કોઈ નુકસાન પહોંચાડશે નહીં. જોકે, ફિલ્મ રિલીઝ પહેલાં લીક થઈ હોવા છતાં, થલપતિ વિજયની આ ફેરવેલ ફિલ્મ અપેક્ષા કરતાં પણ વધુ શાનદાર આંકડાઓ સાથે ટ્રેડ જગતને ચોંકાવી શકે છે.






# અરિજીત સિંહે ખરેખર લઈ લીધો યુટર્ન? મેનેજરે કર્યો મોટો ખુલાસો!

## તાજેતરમાં એક નવા ગીતના રિલીઝથી એવી અટકળો શરૂ થઈ ગઈ હતી કે તે પ્લેબેક સિંગિંગમાં પાછા ફર્યો છે

મુંબઈ

જાણીતા બોલિવૂડ સિંગર અરિજિત સિંહે આ વર્ષે 27 જાન્યુઆરીએ પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લીધી હતી. પણ આ જ વર્ષે એના કેટલાક નવા ગીત સામે આવતા ફેન્સ એના સંન્યાસ પર આશંકા વ્યક્ત કરી રહ્યા છે. નિવૃત્તિના સમાચારથી તેમના ચાહકો નિરાશ થઈ ગયા હતા.તાજેતરમાં એક નવા ગીતના રિલીઝથી એવી અટકળો શરૂ થઈ ગઈ હતી કે તે પ્લેબેક સિંગિંગમાં પાછા ફર્યો છે અને તેમની નિવૃત્તિ માત્ર છ મહિના પછી સમાપ્ત થઈ ગઈ છે. પરંતુ એવું નથી.આ સમગ્ર વિષય પર એના મેનેજરે એક મોટી સ્પષ્ટતા કરી દીધી છે. આમીર ખાન માટે ગીત ગાયુ 14 ઓગષ્ટના રોજ ઈમરાન હાશમીની ફિલ્મ આવી રહી છે જેનું નામ છે 'આવારાપન-2'. તા.21 જુલાઈના રોજ આ જ ફિલ્મનું એક ગીત રિલીઝ થયું હતું જેનું ટાઈટલ હતું 'યે આવારપન'. આ ગીત અરિજિતસિંહે ગાયું છે.આ ગીતથી ચર્ચા એ શરૂ થઈ હતી કે, એરિજિતે યુટર્ન લીધો છે. કમબેક કરી રહ્યો છે. હવે એના મેનેજરે એવી સ્પષ્ટતા કરી છે કે, આવું બિલકુલ નથી. તેણે પોતાનો સંન્યાસ યથાવત રાખ્યો છે. અરિજિતે આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન અભિનીત ફિલ્મ 'એક દિન' માટે એક ગીત પણ ગાયું હતું. ફિલ્મની જેમ આ ગીતનું નામ પણ 'એક દિન'હતું. આ ગીત રેકોર્ડ કરવા માટે આમિર પોતે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં અરિજિત સિંહના ઘરે ગયો હતો. મેનેજરનું આ નિવેદન સ્પષ્ટ કરે છે કે, અરિજિત પ્લેબેક સિંગિંગમાં પાછા ફર્યા નથી. જ્યારે તેમણે નિવૃત્તિની જાહેરાત કરી હતી ત્યારે તેમણે કહ્યું હતું કે, તેમના ગીતો થોડા સમય માટે રિલીઝ થતા રહેશે. તેઓ જે પ્રોજેક્ટ્સ માટે પહેલાથી જ પ્રતિબદ્ધ હતા તે પૂર્ણ કરશે, પરંતુ કોઈ નવા પ્રોજેક્ટ્સ પર સહી કરશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, 'આવારાપન 2' માં દર્શાવવામાં આવેલ અરિજિતનું ગીત પુનરાગમન ગીત નથી. તેના બદલે, તેઓ નિવૃત્તિ પહેલાં આ પ્રોજેક્ટનો ભાગ બન્યા હતા.

# '3 ઈડિયટ્સ' ફરી રિલીઝ થવા અંગે વિધુ વિનોદ ચોપરાએ કરી સ્પષ્ટતા

મુંબઈ

બોલીવુડના મિસ્ટર પર્ફેક્શનિસ્ટ બ્લોકબસ્ટર ફિલ્મ 'થ્રી ઈડિયટ્સ' સિનેમાઘરોમાં ફરી રિલીઝ થવાની ખબરો વાયુવેગે ફેલાઈ રહી છે. સોશિયલ મીડિયા પર પણ આ ચર્ચાએ વેગ પકડ્યો છે કે 2009ની બ્લોક બસ્ટર ફિલ્મ 'થ્રી ઈડિયટ્સ' ટીચર્સ ડેના દિવસે ફરી એકવાર રિલીઝ થઈ શકે છે. હાલમાં વિદ્યાર્થીઓના ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અને આમિર ખાનના આ નિવેદનને કે ફિલ્મ હકીકતમાં શિક્ષણવિદ સોનમ વાંગચૂક પર આધારિત નહોતી, તે ચર્ચાને વેગ આપ્યો હતો. બીજી તરફ મેકર્સે '3 ઈડિયટ્સ'ની રી-રિલીઝની આ ખબરો પર પ્રતિક્રિયા આપતા અટકળો પર રોક લગાવી હતી. ફિલ્મના દિગ્દર્શક વિધુ વિનોદ ચોપરાએ આ ફિલ્મ રી-રિલીઝ થવાના દાવાઓને ફગાવ્યા હતા. તેમણે લખ્યું હતું કે 'હાલમાં જ મીડિયામાં આવેલી આ ફિલ્મની રી-રિલીઝની ખબરોથી તેઓ સ્પષ્ટ કરવા માંગતા હતા કે આ દરેક ખબરો તથ્યહીન અને ખોટી છે.' તેમણે મીડિયાને સૂચવ્યું હતું કે તેઓ ફક્ત તેમના અધિકૃત ચેનલોથી મળેલ જાણકારી પર જ વિશ્વાસ કરે. પ્રોડક્શન હાઉસે લખ્યું હતું કે, 'અમે મીડિયાના લોકો અને ચાહકોને અપીલ કરીએ છે કે તેઓ ફક્ત 'વિધુ વિનોદ ચોપરા ફિલ્મ્સ'ના માન્ય ચેનલો પર કરવામાં આવેલી જાહેરાત પર જ વિશ્વાસ કરે.' ફિલ્મ 'થ્રી ઈડિયટ્સ' વિશે રાજકુમાર હીરાનીની ડાયરેક્ટ કરવામાં આવેલી ફિલ્મ '3 ઈડિયટ્સ' ના રિલીઝના સમયે દર્શકો અને ક્રિટીક્સ બંનેએ ખૂબ પસંદ કરી હતી. આ ફિલ્મ ભારતીય શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ પર આધારિત હતી. આ મજેદાર કોમેડી ફિલ્મમાં આમિર ખાન સિવાય આર માધવન, શર્મન જોશી, કરીના કપૂર ખાન, બોમન ઈરાની અને મોના સિંહે મહત્વના પાત્ર ભજવ્યા હતા. '3 ઈડિયટ્સ'નો બોક્સઓફિસ રિપોર્ટ આ ફિલ્મ 17 વર્ષ પહેલા 25 ડિસેમ્બર 2009એ રીલિઝ થઈ હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ઢગલાબંધ કમાણી કરી હતી. એક રિપોર્ટ અનુસાર આ ફિલ્મ 55 કરોડના ખર્ચે બની હતી અને આ ફિલ્મે દુનિયાભરમાં 400 કરોડનું કલેક્શન કર્યું હતું.



## સ્પોર્ટ્સ

### ભારત નેધરલેન્ડ્સના એમસ્ટેલવીનમાં વેલ્સ, ઇંગ્લેન્ડ અને પાકિસ્તાન સામે પૂલ D માં રમશે

# હૉકી વર્લ્ડ કપ 2026 માટે ટીમ ઇન્ડિયાની જાહેરાત: હરમાનપ્રીત સિંહ કેપ્ટન

મુંબઈ

15 ઓગસ્ટથી શરૂ થઈ રહેલા હૉકી વર્લ્ડ કપ માટે ભારતે ટીમની જાહેરાત કરી દીધી છે. 4 મોટા ખેલાડીઓને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે, જ્યારે ટીમની કમાન હરમાનપ્રીત સિંહના હાથમાં છે. FIH હૉકી વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત થઈ ગઈ છે. ટીમમાં 20 ખેલાડીઓને તક મળી છે. યુરોપ પ્રો લીગમાં રમનારા ચાર મહત્ત્વના ખેલાડીઓ ટીમમાંથી બહાર થઈ ગયા છે. તેમાં ડિફેન્ડર અમનદીપ લકરા, મિડફીલ્ડર રાજ કુમાર પાલ અને રબીચંદ્ર સિંહ મોઈરાંગથેમ, તથા ફોરવર્ડ સેલ્વમ કાર્થીના નામ સામેલ છે. ભારતે ગયા મહિને FIH પ્રો લીગમાં નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે 4 મેચ જીતી, 5 ડ્રો રહી અને 7 હારી, જેથી ભારતીય ટીમ 8માં સ્થાને રહી હતી. વર્લ્ડ કપની વાત કરીએ તો, વર્ષ 2023માં ટીમ ઈન્ડિયા 9માં નંબર પર રહી



હતી. ટીમ ઈન્ડિયાએ 1975માં યોજાયેલા વર્લ્ડ કપને પોતાના નામે કર્યો હતો, અને ત્યારપછી આ ટીમે કોઈ મેડલ જીત્યો નથી. ટીમ ઈન્ડિયામાં અનુભવી ખેલાડીઓ સામેલ. 2024 પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવનારા ડ્રેગ ફ્લિકર અને ડિફેન્ડર હરમાનપ્રીત સિંહ ટીમની કેપ્ટનશીપ કરશે. અનુભવી મિડફીલ્ડર મનપ્રીત સિંહ પણ ટીમને અનુભવી બનાવી રહ્યા છે. ગોલકીપિંગમાં મોહિત એચએસ અને સૂરજ કરકેરા સામેલ છે. ડિફેન્ડર્સમાં જર્મનપ્રીત સિંહ, કેપ્ટન હરમાનપ્રીત, અમિત રોહિદાસ, જુગરાજ સિંહ, સંજય, સુમિત અને યશદીપ સિવાચ સામેલ છે. મિડફીલ્ડની કમાન મનપ્રીત, હાર્દિક સિંહ અને વિવેક સાગર પ્રસાદ જેવા ખેલાડીઓ પાસે છે. ફોરવર્ડ લાઇનમા મનદીપ સિંહ, દિલપ્રીત સિંહ, અભિષેક, સુખજીત સિંહ અને શિલાનંદ લકરા સામેલ છે. ભારતને ઈંગ્લેન્ડ, પાકિસ્તાન અને વેલ્સ સાથે પૂલ D માં રાખવામાં આવ્યું છે, અને ટીમના તમામ ગ્રુપ સ્ટેજની મેચો નેધરલેન્ડ્સના એમસ્ટેલવીનમાં રમાવાની છે. ભારત 15 ઓગસ્ટના રોજ વેલ્સ સામે પહેલી મેચ રમશે. 17 ઓગસ્ટના રોજ બીજી મેચ ઈંગ્લેન્ડ સામે થશે. 19 ઓગસ્ટના રોજ ત્રીજી મેચ પાકિસ્તાન સામે થશે. ગોલકીપર: મોહિત એચએસ અને સૂરજ કરકેરા. ડિફેન્ડર: જર્મનપ્રીત સિંહ, હરમાનપ્રીત સિંહ (કેપ્ટન), અમિત રોહિદાસ, જુગરાજ સિંહ, સંજય, સુમિત અને યશદીપ સિવાચ.

## ભારત સામે T20 શ્રેણી રમવા ઝિમ્બાબ્વેની ટીમનું એલાન

મુંબઈ

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે 23 જુલાઈથી શરૂ થઈ રહેલી 3 મેચોની T20 ઈન્ટરનેશનલ સીરિઝ માટે ઝિમ્બાબ્વે ક્રિકેટે પોતાની 15 સદસ્યની ટીમની જાહેરાત કરી દીધી છે. અનુભવી ઓલરાઉન્ડર સિકંદર રઝાના નેતૃત્વમાં જાહેર કરાયેલી આ ટીમમાં સિલેક્ટર્સે તાજેતરમાં બાંગ્લાદેશ સામે રમાયેલી T20 સીરિઝની સરખામણીએ 3 મહત્ત્વના ફેરફાર કર્યા છે. ભારત સામેની આ રોમાંચક ટક્કર હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે 23, 25 અને 26 જુલાઈના રોજ રમાશે. ટીમમાં થયા 3 મહત્ત્વના ફેરફાર: નવા વિકેટકીપરની એન્ટ્રી બાંગ્લાદેશ પ્રવાસની સરખામણીએ ઝિમ્બાબ્વેની ટીમમાં ઓલરાઉન્ડર વેસ્લી મદેવેરેની વાપસી થઈ છે. આ સિવાય ફાસ્ટ બોલર ન્યૂમેન ન્યામહુરી પણ સંપૂર્ણ ફિટ થઈને ટીમમાં પરત ફર્યો છે. ન્યામહુરી હળવી ઈજાના કારણે બાંગ્લાદેશ સામે રમી શક્યો નહોતો. જોકે, તેની ગેરહાજરીમાં ટીમમાં સ્થાન મેળવનાર તનાકા ચિવાંગાએ પોતાના શાનદાર પ્રદર્શનના દમ પર ટીમમાં જગ્યા જાળવી રાખી છે. આ સીરિઝનો સૌથી મોટો ચોંકાવનારો નિર્ણય વિકેટકીપર-બેટ્સમેન તફાદ્ઝવા ત્સિગાની પસંદગી છે, જેને પ્રથમ વખત ઝિમ્બાબ્વેની T20 ઈન્ટરનેશનલ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. આ 3 ખેલાડીઓના સમાવેશના કારણે ક્લાઈવ મદાંડે, ટિનોટેન્ડા માપોસા અને તાશિંગા મુસેકિવાને 15 સદસ્યની ટીમમાંથી બહાર થવું પડ્યું છે. ICIMOD અને તાજેતરના T20 વર્લ્ડ કપ 2026ના પ્રદર્શન બાદ ઝિમ્બાબ્વેની ટીમ પોતાના હોમ ગ્રાઉન્ડ પર મજબૂત પુનરાગમન કરવા માટે ઉત્સુક છે. ઝિમ્બાબ્વે ટીમનો મુખ્ય ઉદ્દેશ્ય શ્રેયસ અય્યરની કેપ્ટનશીપ હેઠળ આવી રહેલી યુવા ભારતીય ટીમને પોતાના ઘરઆંગણે આકરી ટક્કર આપવાનો રહેશે.

### લલિત મોદીએ કહ્યું- કોઈ ખોટું કામ કર્યું નથી

## ફેમા કેસમાં લલિત મોદીને રાહત: ટ્રિબ્યુનલે EDનો દંડ રદ કર્યો

નવી દિલ્હી

IPL-2009ને સાઉથ આફ્રિકામાં આયોજિત કરવા સંબંધિત 15 વર્ષ જૂના ફેમા (FEMA) કેસમાં પૂર્વ IPL ચેરમેન લલિત મોદીને મોટી રાહત મળી છે. સ્મગલર્સ એન્ડ ફોરેન એક્સચેન્જ મેનિપ્યુલેટર્સ એક્ટ (SAFIMA) હેઠળ એપલેટ ટ્રિબ્યુનલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ તેમના પર લાદેલો દંડ રદ કરી દીધો છે. આ મામલો 2009માં લોકસભા ચૂંટણી દરમિયાન સુરક્ષા કારણોસર IPLની બીજી સીઝન સાઉથ આફ્રિકામાં આયોજિત કરવા સાથે સંબંધિત છે. EDનો



આરોપ હતો કે BCCIએ IPL 2009ના આયોજન માટે લગભગ 4.98 કરોડ અમેરિકી ડોલર (243 કરોડ રૂપિયાથી વધુ) ભારતીય રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી વિના વિદેશ મોકલ્યા હતા. 105 પાનાના નિર્ણયમાં ટ્રિબ્યુનલે કહ્યું કે લલિત મોદીની જવાબદારી સાબિત કરતો કોઈ નક્કર પુરાવો નથી. ટ્રિબ્યુનલે કહ્યું કે મોદી BCCIના મામલાઓના પ્રભારી નહોતા. તેમને પૂરતા પુરાવા વિના આ મામલામાં સામેલ કર્યા હતા. તેથી તેમના પર લગાવવામાં આવેલો દંડ ખોટો હતો. EDએ 2011માં આ મામલે શો-કોઝ નોટિસ જારી કરી હતી. 2018માં લલિત મોદી, BCCIના કેટલાક પૂર્વ પદાધિકારીઓ અને અન્ય પર દંડ લગાવ્યો હતો. આ પછી બધાએ SAFEMA અપીલીય ન્યાયાધિકરણમાં તેને પડકારી હતી. નિર્ણય પછી લલિત મોદીએ કહ્યું કે તેમણે હંમેશા ભારતીય ક્રિકેટ અને IPLના હિતમાં કામ કર્યું અને કોઈ વ્યક્તિગત ખોટું કાર્ય કર્યું નથી.

## મને રોહિત શર્માની વાત પર ભરોસો ન હતો: સંજુ

### રોહિત શર્માએ મારી હિંમત વધારતા એક મોટી ભવિષ્યવાણી કરી હતી

મુંબઈ

સંજુ સેમસને ટી-20 વર્લ્ડકપ 2026 ( T20 World Cup 2026)માં ભારત માટે કેટલીક યાદગાર ઈનિંગ્સ રમી હતી. પરંતુ સંજુને વર્લ્ડ કપની શરૂઆતની મેચોમાં રમવાની તક મળી નહોતી. જે બાદ રોહિત શર્માએ તેમની હિંમત વધારતા એક મોટી ભવિષ્યવાણી કરી હતી, જે આખરે સાચી સાબિત થઈ. T20 વર્લ્ડ કપ 2026નો ખિતાબ જીતીને ભારતીય ટીમે ઈતિહાસ રચી દીધો હતો. હવે ભારત દુનિયાની પહેલી એવી ટીમ બની ગઈ છે, જેણે સતત 2 વાર ટી-20 વર્લ્ડકપની ટ્રોફી પોતાના નામે કરી છે. વર્ષ 2024માં રોહિત શર્માએ ટી-20 વર્લ્ડકપ જીતીને ICC ટ્રોફીના



દુષ્કાળનો અંત લાવ્યો હતો. તો વર્ષ 2026માં સૂર્યકુમાર યાદવે ટ્રોફી જીતવામાં સફળતા હાસલ કરી, જેમાં ભારતની આ જીતના સૌથી મોટા હીરો સંજુ સેમસન રહ્યા હતા. ટી-20 વર્લ્ડકપની શરૂઆતી મેચોમાંથી બહાર હતા સંજુ ટી-20 વર્લ્ડકપ પહેલા ન્યૂઝિલેન્ડ સામે 5 મેચની T-20 સિરીઝ રમાઈ હતી. તે સિરીઝમાં વિકેટ કિપર બેટ્સમેન સંજુ સેમસન પૂરી રીતે ફ્લોપ રહ્યા હતા. આમ છતાં, તેમને ટી-20 વર્લ્ડકપ 2026ની ટીમમાં સામેલ કરવામાં આવ્યા. જોકે, શરૂઆતની મેચોમાં તેમને રમવાની તક ન મળી, પરંતુ જ્યારે તેમની ટીમમાં વાપસી થઈ, ત્યારે તેમણે દમદાર પ્રદર્શનથી સૌનું ધ્યાન ખેંચ્યું. શરૂઆતની મેચોમાં પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રહ્યા પછી, પૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ સંજુને આશ્વાસન આપ્યું હતું કે, તેમનો સમય ચોક્કસ આવશે. પરંતુ રોહિત શર્માની આ વાત પર સંજુને બિલકુલ ભરોસો નહોતો. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં સંજુએ જણાવ્યું કે, 'ઈમાનદારીથી કહું તો, તે સમયે મને રોહિત ભાઈની વાત પર વિશ્વાસ નહોતો થયો. સોરી તે કદાચ પોતાના અનુભવ કે, દિલથી બોલી રહ્યા હતા, પરંતુ તે દિવસે હું એ નહોતો જોઈ શકતો જે આજે જોઈ રહ્યો છું. મારો ચહેરો જોઈને કોઈ પણ કહી શકતું હતું કે હું નિરાશ હતો.' ન્યૂઝિલેન્ડ સિરીઝ પછી ટીમમાં સ્થાન ન મળવાનો અફસોસ સંજુ પર હાવી હતો. તેમણે જણાવ્યું કે, કોઈ પણ મોટા આઘાતમાંથી બહાર આવવામાં તેમને ઓછામાં ઓછો એક સપ્તાહ લાગે છે. વર્લ્ડ કપના શરૂઆતના 4-5 દિવસો સુધી તેઓ માનસિક રીતે ખૂબ સંઘર્ષ કરી રહ્યા હતા.

## બિઝનેસ

### :ક્રૂડ ઓઈલના ભાવ વધારાની અસર

## પહેલા ક્વાર્ટરમાં BPCLને ₹3,962 કરોડનું નુકસાન

મુંબઈ

ભારત પેટ્રોલિયમે આજે 22 જુલાઈએ જૂન ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. આ ક્વાર્ટરમાં કંપનીને 3,962 કરોડનું નુકસાન થયું છે. ગયા વર્ષના આ જ ક્વાર્ટરમાં 6,124 કરોડનો નફો થયો હતો. જ્યારે માર્ચ ક્વાર્ટરમાં 3,191 કરોડનો નફો થયો હતો. ઓપરેશન્સમાંથી રેવન્યુ 23% વધીને 1.59 લાખ કરોડ થયું BPCLની રેવન્યુ 1.59 લાખ કરોડ રહી. આ ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 23% વધુ છે. ત્યારે કંપનીની 1.29 લાખ કરોડની રેવન્યુ રહી હતી.

ક્વાર્ટર-દર-ક્વાર્ટરના આધારે જોઈએ તો, માર્ચ ક્વાર્ટરના 1.35 લાખ કરોડની




સરખામણીમાં રેવન્યુમાં 18%નો વધારો થયો છે. 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા હતા. આ સાથે નૂર અને વીમા ખર્ચમાં પણ વધારો થયો હતો. વધેલા ખર્ચનો સંપૂર્ણ બોજ સામાન્ય ગ્રાહકો પર એલપીજી અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધારીને નાખી શકાયો ન હતો, જેના કારણે કંપનીને આ નુકસાન ભોગવવું પડ્યું. ભારત પેટ્રોલિયમના શેર આજે 3% ઘટીને 309 રૂપિયા પર બંધ થયા. આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 19% ઘટ્યો છે. છેલ્લા 6 મહિનામાં તે 12% અને એક વર્ષમાં 9% ઘટ્યો છે. 24 જાન્યુઆરી 1976ના રોજ સ્થાપના થઈ હતી ભારત પેટ્રોલિયમની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) ભારતની એક અગ્રણી જાહેર ક્ષેત્રની તેલ કંપની છે. તેની સ્થાપના 24 જાન્યુઆરી 1976 ના રોજ થઈ હતી. તે પેટ્રોલિયમ ઉત્પાદનોને રિફાઈન અને માર્કેટ કરે છે. તે મુંબઈ, કોચી, નુમાલીગઢ અને બીનામાં રિફાઈનરીઓનું સંચાલન કરે છે.

### સોના-ચાંદીના ભાવમાં એક ઝાટકે વધારો થયો

## ચાંદી ₹3034 વધી ₹2.26 લાખ પર પહોંચી, સોનું ₹2,303 વધીને ₹1.43 લાખ પર પહોંચ્યું

મુંબઈ

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના કંપનીઓના અત્યારસુધી જાહેર થયેલા પરિણામોમાં યુદ્ધ વચ્ચે પણ દેશની કંપનીઓની કામગીરી પ્રોત્સાહક રહી હોવાનું જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત પરિણામો પર નજર નાખતા જણાય છે કે કંપનીઓએ એડજસ્ટેડ નેટ પ્રોફિટ તથા રેવેન્યુમાં દ્વીઅંકી વૃદ્ધિ હાંસલ કરી છે. બેન્ક, આઈટી, મેટલ્સ તથા માઈનિંગ ક્ષેત્રની કામગીરી સારી રહી હોવાનું જણાય છે. ૧૫૫ કંપનીઓના પરિણામોમાં આ કંપનીઓનો સંયુકત નેટ પ્રોફિટ જૂન ત્રિમાસિકમાં વાર્ષિક ધોરણે ૧૯.૪૦ ટકા વધ્યો છે જે છેલ્લા ૧૧ ત્રિમાસિકમાં સૌથી વધુ છે. ગયા નાણાં



વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં એડજસ્ટેડ નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકા વધારો જોવા મળ્યો હતો. ગત નાણાં વર્ષના માર્ચ ત્રિમાસિકમાં આંક ૬.૮૦ ટકા રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં સદર કંપનીઓનો સંયુકત એડજસ્ટેડ નેટ પ્રોફિટ વધી રૂપિયા ૧.૩૦ ટ્રિલિયન રહ્યો છે. જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂપિયા ૧.૦૯ ટ્રિલિયન અને ગત નાણાં વર્ષના માર્ચ ત્રિમાસિકમાં રૂપિયા ૧.૨૧ ટ્રિલિયન રહ્યો હતો. સંયુકત નેટ વેચાણ પણ વાર્ષિક ધોરણે ૧૭.૬૦ ટકા વધી ૧૪ ત્રિમાસિક ગાળાનું સૌથી મજબૂત રહ્યું છે. કેટલીક બેન્કો તથા ફાઈનાન્સ કંપનીઓએ મજબૂત આંકડા પ્રસ્તુત કર્યા છે જેને પરિણામે એકંદર નેટ પ્રોફિટમાં પ્રોત્સાહક વધારો થયો છે. પ્રારંભમાં પ્રોત્સાહક પરિણામોને જોતા પરિણામની મોસમના અંતે નિફટી૫૦ કંપનીના એકંદર નેટ પ્રોફિટમાં દ્વીઅંકી વધારો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. કંપનીઓ ખાસ કરીને ફાઈનાન્સિઅલ, કેપિટલ ગુડસ તથા મેટલ્સની કામગીરી સુંદર જણાઈ રહી છે.

### લંડન સ્ટોક એક્સચેન્જ (LSE) 2027થી 'LSE 24' પ્લેટફોર્મ શરૂ કરશે

## ક્રિપ્ટો માર્કેટની જેમ હવે શેરબજાર પણ 24 કલાક ચાલુ રહેશે, રાત-દિવસ ટ્રેડિંગની તક!

**બ્રિટનથી શરૂ થતી આ નવી સિસ્ટમનો હેતુ વૈશ્વિક રોકાણકારોને જુદા જુદા ટાઇમ ઝોનમાં પણ સરળતાથી ખરીદ-વેચાણ કરવાની સુવિધા આપવાનો છે. આ પ્લેટફોર્મ AI આધારિત ટ્રેડિંગને પણ સપોર્ટ કરશે**

મુંબઈ

બદલાતી દુનિયા અને ડિજિટલ યુગની સાથે હવે શેરબજારમાં પણ મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. અત્યાર સુધી નિશ્ચિત સમય માટે ખુલ્લું રહેતું શેરબજાર હવે 24 કલાક કાર્યરત રહેશે, એટલે કે રોકાણકારો દિવસ હોય કે રાત, ગમે ત્યારે ટ્રેડિંગ કરી શકશે. આ નવીનતમ સિસ્ટમની શરૂઆત બ્રિટનથી થવા જઈ રહી છે. શું છે 'LSE 24' અને તેનો હેતુ? ડિજિટલ અને AIના આ સમયમાં ટ્રેડિંગને વધુ સરળ બનાવવા માટે લંડન સ્ટોક એક્સચેન્જે (LSE) 'લંડન સ્ટોક એક્સચેન્જ 24'ની જાહેરાત કરી છે. આ નવા પ્લેટફોર્મની મદદથી રોકાણકારો અઠવાડિયાના 5 દિવસ લગભગ 24 કલાક ટ્રેડિંગ કરી શકશે. આનો મુખ્ય હેતુ વિશ્વભરના રોકાણકારોને માર્કેટની કોઈ પણ મોટી ઘટના પર તરત નિર્ણયો લેવાની, જુદા જુદા ટાઈમ ઝોનમાં પણ સરળતાથી ખરીદ-વેચાણ કરવાની અને પોતાના જોખમ (રિસ્ક)ને વધુ સારી રીતે મેનેજ કરવાની સુવિધા આપવાનો છે. LSE 24ના




સમયની વાત કરીએ તો, તે સોમવારથી શુક્રવાર સાંજે 5:00 વાગ્યાથી સવારે 7:50 વાગ્યા સુધી ચાલુ રહેશે. આ દરમિયાન દરરોજ સાંજે 6:30થી 7:00 વાગ્યા વચ્ચે બજાર બંધ કરવાની પ્રક્રિયા માટે 30 મિનિટનો વિરામ રહેશે. ખાસ વાત એ છે કે લંડન સ્ટોક એક્સચેન્જનું મુખ્ય બજાર તેના નિયમિત સમય (સવારે 8:00 થી સાંજે 4:30) મુજબ જ ચાલશે. LSE 24 તેનાથી સાવ અલગ અને સ્વતંત્ર રીતે કામ કરશે. ક્યારથી શરૂ થશે આ સેવા? મળતી માહિતી મુજબ, વર્ષ 2026ના અંત સુધીમાં ગ્રાહકો માટે આ પ્લેટફોર્મનું ટેસ્ટિંગ શરૂ થઈ જશે. ત્યારપછી જરૂરી મંજૂરીઓ મળતાં જ, 2027ના શરૂઆતના 6 મહિનામાં 'એક્સચેન્જ ટ્રેડેડ પ્રોડક્ટ્સ' (ETPs) સાથે LSE 24ની સત્તાવાર શરૂઆત કરવામાં આવશે. ખાસ વાત એ છે કે લંડન પહેલેથી જ ETPs માટે વિશ્વનું એક મુખ્ય કેન્દ્ર ગણાય છે. AI બેઝ્ડ ટ્રેડિંગ અને ડિજિટલ સિક્યોરિટીઝ પર ફોકસ ETPs બાદ બીજા તબક્કામાં આ પ્લેટફોર્મ પર ઈક્વિટી ટ્રેડિંગ પણ શરૂ કરવામાં આવશે. LSE 24 આગામી પેઢીની ઓટોમેટિક અને AI-આધારિત ટ્રેડિંગ સિસ્ટમ માટે સુરક્ષિત કનેક્ટિવિટી આપશે. આ પ્લેટફોર્મ ઓર્ડર મેનેજમેન્ટ, માર્કેટ ડેટા અને એક્ઝિક્યુશન પ્રક્રિયાઓને વધુ સરળ બનાવશે. આ ઉપરાંત, તે LSEGના 'ડિજિટલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી' સાથે જોડાઈને ડિજિટલ જામીનગીરીઓના સેટલમેન્ટને સરળ બનાવશે.

## સેન્સેક્સમાં 715.06 પોઇન્ટનો ઘટાડો

- **ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાથી સ્થાનિક શેરબજાર પણ પ્રભાવિત થયું હતું**

મુંબઈ


બપોરે 1:00 વાગ્યા સુધીમાં નિફ્ટી50 24,001.70 પર ટ્રેડ કરી રહ્યો હતો. જે 186 પોઈન્ટ અથવા 0.77 ટકા ઘટીને હતો. દરમિયાન, BSE સેન્સેક્સ 687 પોઈન્ટ અથવા 0.89 ટકા ઘટીને 76,783.29 પર પહોંચ્યો. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 715 પોઈન્ટના ઘટાડા સાથે 76,755.05 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 191.45 પોઈન્ટના ઘટાડા સાથે 23,996.25 અંકે બંધ થયો. ખાસ કરીને, ક્ષેત્રીય સૂચકાંકોમાં, નિફ્ટી પીએસયુ બેંક અને નિફ્ટી રિયલ્ટીમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો. બંને ક્ષેત્રોમાં દિવસભર વેચાણ દબાણ રહ્યું, જેનાથી બજારની નબળાઈ વધી. FMCG અને ઓટો સ્ટોક્સ મજબૂતાઈ જ્યારે મોટાભાગના ક્ષેત્રો દબાણ હેઠળ રહ્યા, ત્યારે નિફ્ટી FMCG અને નિફ્ટી ઓટોએ પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું. આ ક્ષેત્રોમાં ખરીદીની પ્રવૃત્તિ જોવા મળી, જેના કારણે બજારના ઘટાડાને અમુક અંશે મર્યાદિત રાખવામાં આવ્યો. આ 10 શેરોમાં સૌથી વધુ ઘટાડો ટ્રમ્પની ટેરિફ ધમકીને કારણે ઘણા ફાર્મા શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે અન્ય મોટી કંપનીઓમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. BSEના લાર્જ-કેપ કેટેગરીના શેરોમાં ઈન્ડિગો શેર (3.50%), SBI શેર (1.75%), એક્સિસ બેંક શેર (1.60%) અને ઈન્ફોસિસ શેર (1.40%)નો સમાવેશ થાય છે.

## 'ગલી ગલી મે શોર હૈ, મોદી સરકાર ચોર હૈ'ના નારા લાગ્યા

# અમદાવાદ સમરાંગણ બન્યું, વિદ્યાર્થીઓ આક્રમક બન્યા












અમદાવાદ

દિલ્હીમાં વડાપ્રધાન આવાસ બહાર રાહુલ ગાંધીના ધરણા બાદ NEET પેપર લીક વિવાદમાં આજે 22 જુલાઈના રોજ સવારમાં રાજીવ ભવન પાસે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ તો બપોર બાદ ગુજરાત યુનિવર્સિટી પાસે વિદ્યાર્થીઓએ મોટા પાયે વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન અનેકવાર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ તથા પોલીસ વચ્ચે ભારે ઘર્ષણના દશ્યો પણ સર્જાયા હતા. જેના કારણે પોલીસકર્મીઓએ બસોની બસો ભરીને આ પ્રદર્શનકારીઓની અટકાયત કરીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પ્રદર્શનકારીઓએ પોલીસની નજરચૂક થતાં જ મેલોડી, રાષ્ટ્રગાન અને પોસ્ટર સાથે સરકાર વિરુદ્ધ હાય હાયના નારા લગાવી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી હતી.

કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન બહાર ગઈકાલે કરેલા પ્રદર્શનના વિરોધમાં ગુજરાત ભાજપે અમદાવાદમાં કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આજે બપોરે 2 વાગ્યે ધરણાં પ્રદર્શનનું આયોજન કર્યું હતું જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા મોટી સંખ્યામાં કાર્યકરોને લઈને પહોંચ્યા હતા. તો અમિત ચાવડાએ કાર્યકરો સાથે કાર્યાલયની સીડી પર જ મોરચો સંભાળ્યો હતો. અંદાજિત એક કલાકના સૂત્રોચ્ચાર બાદ ભાજપના નેતાઓ પરત ફર્યા હતા.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે મોદી અને અમિત શાહનો દેશવાસીઓ જવાબ માંગશે. નેપાળમાં નેતાઓને જે રીતે દોડાવીને માર્યા હતા તેની ભારતમાં દિલ્હીથી શરૂઆત થઈ ગઈ છે.

### ■ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કેમ્પસમાં રસ્તા પર ઉતર્યાં

ગુજરાત યુનિવર્સિટી પાસે જે યુવક-યુવતીઓ માસ્ક પહેરી અને આવી રહ્યા હતા તેમના પોલીસ દ્વારા આઈ કાર્ડ ચેક કરવામાં આવી રહ્યા છે. જે પણ યુવાનો ગુજરાત યુનિવર્સિટી પાસેથી પસાર થઈ રહ્યા હતા તેમના પણ આઈકાર્ડ ચેક કરવામાં આવ્યા હતા. એક યુવતી પોલીસને યોગ્ય જવાબ ન આપી શકતા તેની પોલીસે અટકાયત કરી હતી. ગુજરાતમાં જે પણ પેપર લીક થાય છે તેના નામ સાથેના પોસ્ટર લઈને યુવાઓ વિરોધ કરવા આવતા તેમની અટકાયત કરવામાં આવી છે. જે પણ વિરોધ કરી રહ્યા હતા તેમની અટકાયત કરીને પોલીસે બસમાં બેસાડ્યા હતા.

### ■ આત્મહત્યા કરનાર કહાનના મિત્રની અટકાયત

થોડા દિવસ પહેલા આત્મહત્યા કરનાર નીટના વિદ્યાર્થી કહાનની મિત્ર ધ્રુવી શાહ પણ બેનર સાથે રસ્તા પર વિરોધ કરી રહી હતી. આ સમયે તાત્કાલિક પોલીસે તેની અટકાયત કરી હતી. આ તરફ સેપ્ટ યુનિવર્સિટીના ગેટ પાસે બે યુવતીઓ હાથમાં કોકરોચ પાર્ટીના સમર્થનમાં બેનર લઈ વિરોધ કરી રહી હતી. વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, અમે એક જ વ્યક્તિના રાજીમાનાની માંગ કરી રહ્યા છીએ. તે પણ સરકાર દ્વારા લેવામાં આવતું નથી.

---

**નબળું કામ થશે તો ભાજપના નેતાઓને શું જવાબ આપીશું?**

# સરખેજમાં અધિકારીઓની મનમાની અને રજાના કારણે કામો ટલ્લે ચડ્યા

### વરસાદની પરિસ્થિતિમાં પણ અધિકારીઓ રજા પર ઉતરી જાય છે

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અધિકારીઓનું હંમેશા રાજ રહ્યું છે, ત્યારે અધિકારીઓ પોતાની મનમાની કરતા હોય છે અને ગમે ત્યારે રજા પર ઉતરી જતા હોય છે એવો આક્ષેપ સરખેજ વોર્ડના ભાજપના કોર્પોરેટર રાજેન્દ્ર (રાજુ) શુકલ દ્વારા કરવામાં આવ્યો છે. વરસાદની પરિસ્થિતિમાં પણ અધિકારીઓ રજા પર ઉતરી જાય છે જેથી પ્રજાનું કામ કરી શકે એવા અધિકારીઓને વોર્ડમાં મુકવા માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને માંગ કરી છે. પ્રજાના કામો પણ મંથરગતિએ કરવામાં આવતા હોવાને લઈને તાત્કાલિક અસરથી સક્ષમ અધિકારી કર્મચારીને મૂકવા માટે જણાવ્યું છે.



ભાજપના કોર્પોરેટર રાજેન્દ્ર શુકલે પત્રમાં એટલે સુધી જણાવ્યું છે કે, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસ અમિત શાહનો મતવિસ્તાર સરખેજ વોર્ડ છે અને પ્રજાએ કમળ ઉપર વિશ્વાસ રાખીને ચાર કોર્પોરેટરોને ચુંટીને મોકલ્યા છે. જો અમારા વિસ્તારમાં નબળી કામગીરી પુરવાર થાય તો કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને ધારાસભ્ય અમિત ઠાકર તેમજ મેયર સહિતના ભાજપના મોવડી મંડળને અમે કેવી રીતે જવાબ આપી શકીશું.

સરખેજ વોર્ડના કાઉન્સિલર રાજેન્દ્ર શુકલએ દક્ષિણ પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અંકિત પન્નુને પત્ર લખીને આક્રોશ વ્યક્ત કર્યો છે.

---

# દુષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદની સજા : ૯ વર્ષની બાળકીને સમોસાની લાલચ આપી ઝાડીઓમાં લઈ ગયો હતો

અમદાવાદ

અમદાવાદના નિકોલ પોલીસ મથકે વર્ષ 2020માં રાજસ્થાનના આરોપી મુકેશ પઢીયાર સામે IPC, પોક્સો અને એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ બી. એસ.મહેતાએ સરકારી વકીલ ભરતસિંહ.સી. રાઠોડની દલીલો 18 સાહેદ અને 25 પુરાવા તપાસીને આરોપીને આજીવન કારાવાસની સજા તેમજ 6.35 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કેસને વિગતે જોતા આરોપીએ 9 વર્ષની દીકરીને સમોસા અપાવવાની લાલચ આપીને પહેલા સમોસાની દુકાને લઈ ગયો હતો. ત્યાં સમોસા અપાવીને પોતાના ઘરની પાછળ આવેલી જાળીઓમાં લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં બાળકી પર શરાબ પણ રડ્યો હતો અને માર માર્યો હતો.



આ વાત જો તે કોઈને કહેશે તો તેને મારી નાખવાની ધમકી આપી હતી. દીકરી જ્યારે રોતી રોતી ઘરે આવી ત્યારે તેના હાથમાં સમોસુ અને હતું અને પાછળ મુકેશ પણ હતો. તેની માતાએ તેને પૂછતા તેને સઘળી હકીકત જણાવી હતી.

---

**"ભાજપના નેતાઓ લાજવાને બદલે ગાજે છે!"**

# અસહ્ય અત્યાચાર અને ભ્રષ્ટ પરીક્ષા વ્યવસ્થા સામે અમિત ચાવડાનો ઘાતક પ્રહાર

### શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે, PM મોદી અને ગૃહમંત્રી અમિત શાહ દેશની માફી માંગે: 'રાજીવ ગાંધી ભવન' ખાતે સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસનો વિરોધ આક્રમક બન્યો

અમદાવાદ

ભાજપના શાસનમાં શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે ખાડે ગઈ છે અને પરીક્ષા પદ્ધતિ ભ્રષ્ટતાના દલદલમાં હોમાઈ ચૂકી છે. નીટ (NEET) સહિતના તીવ્ર પેપર લીક કૌભાંડોએ દેશના લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોના ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કર્યા છે. આ ગંભીર મુદ્દાઓ પર ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર સામે વિસ્ફોટક અને આકરા પ્રહારો કર્યા છે. અમિત ચાવડાએ તંત્રના અહંકાર પર પ્રહાર કરતાં સ્પષ્ટ અને સણસણતા શબ્દોમાં જણાવ્યું હતું કે: 'લખી રાખજો, જે રીતે નેપાળમાં ભ્રષ્ટ શાસકોને જનતાએ



રસ્તા પર દોડાવી દોડાવીને માર્યા હતા અને સત્તા છોડવા માટે મજબૂર કર્યા હતા, તેવી જ નવી ક્રાંતિની શરૂઆત દિલ્હીના જંતર-મંતરથી થઈ ચૂકી છે. દેશનો દરેક વિદ્યાર્થી અને નાગરિક આજે વડાપ્રધાન, ગૃહમંત્રી અને શિક્ષણમંત્રી પાસે હિસાબ માંગી રહ્યો છે.' સરકારી બેવડા ધોરણો: ભાજપના નેતાઓને ડી.જે. અને ધામધૂમ સાથે ધરણા કરવાની છૂટછાટ મળે છે, જ્યારે પોતાના હક્ક અને ભવિષ્ય માટે લડતા છાત્રો અને કોંગ્રેસના કાર્યકરોની બર્બરતાપૂર્વક ધરપકડ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ પર ક્રૂર લાઠીચાર્જ: દિલ્હીના જંતર-મંતર પર શાંતિપૂર્ણ અવાજ ઉઠાવતી નાની-નાની વિદ્યાર્થીનીઓને રસ્તા પર ઢસડીને મારવામાં આવી અને ઘાયલ છાત્રો પર ટીયર ગેસના સેલ છોડવામાં આવ્યા, જે લોકશાહી માટે કલંકરૂપ છે. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા 'છાત્ર ગુંજ' અભિયાન ચલાવીને સંસદમાં ચર્ચાની માંગ કરાઈ ત્યારે સરકારે મોં ફેરવી લીધું.

---

**'વિકસિત ભારત 2047' વિષય પર**

# અમદાવાદમાં એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

અમદાવાદ

દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે અમદાવાદ ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત એકદિવસીય નેશનલ કોન્ફરન્સનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સેમિનારમાં રાજ્યના શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તેમજ અમદાવાદના મેયર હિતેશ બારોટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલા શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ પોતાના પ્રબોધનમાં જણાવ્યું હતું કે, 'વિકસિત ભારત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરવામાં શિક્ષણ ક્ષેત્રની ભૂમિકા સૌથી મહત્ત્વની છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને આધુનિક સંશોધનો થકી જ દેશના યુવાનોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવી શકાશે.' તેમણે શિક્ષણ ક્ષેત્રે



થઈ રહેલા પરિવર્તનો અને નવીનતમ ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો હતો. અમદાવાદના પ્રથમ નાગરિક અને મેયર હિતેશ બારોટે સેમિનારમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, 'અમદાવાદ શહેર માત્ર આર્થિક કે ઔદ્યોગિક ક્ષેત્રે જ નહીં, પરંતુ શૈક્ષણિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પણ 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા ઝડપથી આગળ વધી રહ્યું છે. યુવાધન માટે નવા અવસરો ઊભા કરવા માટે તંત્ર સતત કાર્યરત છે.' આ એકદિવસીય નેશનલ કોન્ફરન્સમાં વિવિધ યુનિવર્સિટીઓના અધ્યાપકો, શિક્ષણવિદો, સંશોધકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યાંકો, શૈક્ષણિક સુધારા, અને સામાજિક-આર્થિક વિકાસમાં શિક્ષણના યોગદાન જેવા વિષયો પર ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવ્યું હતું.

'પાક્કો ગુજરાત' દ્રષ્ટિકોણ : ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે આવા રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર અને પરિસંવાદો અત્યંત આવશ્યક છે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને મેયર હિતેશ બારોટ જેવા નેતાઓની ઉપસ્થિતિ આ વિઝનને વધુ મજબૂતી પૂરી પાડે છે.

---

**અંગત અદાવતમાં બોલાચાલી બાદ મર્ડર થયાની ચર્ચા**

# બહેરામપુરામાં યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા : આરોપીની અટકાયત કરાઈ

### પોલીસે સ્થળ પર પહોંચીને કાર્યવાહી કરી આરોપીને રાઉન્ડપ કરી લીધો હતો

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં બહેરામપુરાના સંતોષનગર ચાંદ શહીદની મસ્જિદની ગલી ખાતે હુસેન સૈયદ નામના યુવકની ધારદાર હથિયાર વડે કરપીણ હત્યા કરવામાં આવી છે. અંગત અદાવતમાં હુસેન સૈયદ નામના યુવકની ગઈકાલે(21 જુલાઈ) મોડી રાત્રે સોહેલ પઠાણ નામના યુવકે હત્યા કરી છે. દાણીલીમડા પોલીસને જાણ થતા પોલીસ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે હાલ આરોપીને રાઉન્ડ અપ કરીને તેની



ધરપકડની કાર્યવાહી કરી છે. અંગત અદાવતમાં હત્યા કરવામાં આવી હોવાની ચર્ચા છે જેને લઈને પણ હાલ પોલીસ તપાસ કરી રહી છે.

ઝોન 6 ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે દાણીલીમડા વિસ્તારમાં સંતોષ નગર પાસે મોડી રાત્રે હત્યાનો બનાવ બન્યો છે. મૃતકનું નામ હુસેન સૈયદ છે અને આરોપી સોહેલ પઠાણ છે. આરોપી તેના સંબંધીના ઘરે જમવા માટે આવ્યો હતો ત્યારબાદ ઘરેથી નીકળ્યા અને બંને વચ્ચે જૂની અદાવતમાં બોલાચાલી થઈ હતી જેમાં હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને કાર્યવાહી કરી આરોપીને રાઉન્ડપ કરી લીધો છે અને ધરપકડની તજવીજ શરૂ કરી છે.

---


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI